


અમરેલી,રાજકોટ, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૧૧-૨-૨૦૨૪ રવિવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ મહા સુદ ૨ વર્ષ : ૨૮ અંક ૧૫૫

## ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિક વેકરીયા અને ઇફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને

# અમરેલીમાં આવાસ લોકાર્પણ સમારોહ યોજાયો

### પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આવાસ યોજના દ્વારા છેવાડાના માનવીને પાકુ અને ઘરનું ઘર અપાવ્યું : નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઇ વેકરીયા

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સામાન્ય વ્યકિતને આવાસ અન્ન અને રોજગારી મેળવવા માટેના દ્વાર ખોલી આપ્યા : શ્રી દિલીપભાઇ સંઘાણી

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની ગરીયામય વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ડિશા ખાતેથી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં લાભાર્થીઓને આવાસોની પ્રતિકાત્મક ચાવીઓનું વિતરણ કર્યુ















અમરેલી,

સમગ્રરાજયમાંપ્રધાનમંત્રીઆવાસયોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના અને આંબેડકર આવાસ યોજનાના આવાસોના લોકાર્પણઅનેખાતમુહૂતનોકાર્યક્રમયોજાયો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અને ડીસા ખાતેથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં અમરેલી સ્થિત ખેડૂત તાલીમ ભવન ખાતે લાભાર્થીઓ જોડાયા હતા. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી અને ઈફકોના ચેરમેન શ્રી દિલિપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને અમરેલી ખાતેનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં લાભાર્થીઓને આવાસની પ્રતિકાત્મક ચાવીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉદ્બોધન કરતા વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના

(અનુ.પાના નં.૩)

## સગીરા ઉપર સીમમાં બે શખ્સોએ બળાત્કાર કરેલ

# મોટા ઉજળામાં સગીરા ઉપર બળાત્કાર ગુજારનારા એક આરોપીનો આપઘાત

### લીલીયામાં માલગાડી હેઠળ ઝંપલાવી લવા ચૌહાણે જીવ આપી દીધો : બીજા આરોપીની શોધખોળ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

મોટા ઉજળા ગામની સીમમાં લવાભાઈ ચૌહાણની વાડીની પાસે આવેલ નદીમાં તા. ૯-૨ ના બપોરના ૧૧ કલાકે એક સગીરા ઉપર વારા ફરતી બળાત્કાર કરનાર લવા ચૌહાણ અને મગન ચૌહાણ સામે ગુનો દાખલ થયા બાદ લવા ચૌહાણે લીલીયામાં માલગાડી હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેવા આ ઘટનાની રેલ્વે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે અને પોલીસ દ્વારા બીજા ફરાર આરોપીની શોધખોળ શરૂ છે તેમ અમરેલીના વિભાગીય પોલીસ અધિક્ષક શ્રી જગદીશસિંહ ભંડારીએ જણાવ્યુ હતુ.

બાલમુકુંદ
જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૫૫,૩૯૦/-
(૧૦ ગ્રામ)
અમરેલી
વધુ માહિતી માટે - ૬૩૫૨૪ ૩૧૩૬૬


















### ચૌધરી ચરણસિંહને ભારત રત્ન એવોર્ડ ઉપરની ચર્ચામાં શ્રી જયંત ચૌધરીના બોલવા ઉપર કોંગ્રેસ પ્રમુખ શ્રી ખડગેએ સવાલ ઉઠાવતા શ્રી રૂપાલા લાલઘુમ થયા

# આજે કોંગ્રેસ નગ્ન થઇ ગઇ, નિર્વસ્ત્ર થઇ ગઇ : શ્રી પરશોત્તમ રૂપાલા

**ખેડુતપુત્રને મળેલા ભારત રત્નથી કોંગ્રસના પેટમાં કેમ આગ લાગી ગઇ ? આ કોંગ્રેસનું અસલી ચરીત્ર છે આ જ કોંગ્રેસનો અસલી ચહેરો છે આજે કોંગ્રેસ નિર્વસ્ત્ર થઇ ગઇ છે : સંસદ ગજવતા શ્રી પરશોત્તમ રૂપાલા**

**દેશમાં ખેડુતોનો અવાજ રોકવાવાળુ કોઇ પેદા નથી થયું, થશે પણ નહી, ખેડુતની પ્રસંશા સાંભળી શકતા નથી ? : સંસદમાં સિંહ જેવી ગર્જના કરનાર કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાની વિડીયો કલીપ વાયરલ**



અમરેલી,(ફીલ્ડરિપોર્ટર)

દેશના પૂર્વ વડાપ્રધાન શ્રી ચૌધરી ચરણ સિંહને ભારત રત્ન એવોર્ડ પર સંસદમાં ચર્ચા દરમિયાન હોબાળો થયો હતો અને તેમા કેન્દ્રીય મંત્રી શ્રી પુરૂશોત્તમ રૂપાલા ગુસ્સે થયા હતા તેમણે કરેલી શાંતીપુર્ણ વાતમાં વિપક્ષોએ દેકારો કરતા શ્રી રૂપાલાએ નાખેલી ત્રાડ જેવી ગર્જના કદાચ ભાગ્યેજ કોઇએ કરી હશે.

બન્યું હતુ એવુ કે, દેશના પૂર્વ વડાપ્રધાન શ્રી ચૌધરી ચરણ સિંહને ભારત રત્ન એવોર્ડ પર સંસદમાં ચર્ચા દરમિયાન આરએલડી ચીફ શ્રી જયંત ચૌધરી રાજ્યસભામાં બોલ્યા બાદ વિવાદ થયો હતો. કોંગ્રેસ પ્રમુખ શ્રી મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં શ્રી જયંતના ભાષણ પર સવાલ ઉઠાવ્યા હતા. શ્રી ખડગેએ પૂછયું કે કયા નિયમ હેઠળ જયંત ચૌધરીને ગૃહમાં બોલવાની મંજૂરી આપવામાં આવી હતી.

આ મામલે શ્રી રૂપાલાએ કહ્યું હતુ કે, કોંગ્રેસ ખેડૂત વિરોધી છે. આજે કોંગ્રેસ નગ્ન થઈ, નિર્વસ્ત્ર થઈ ગઈ, તેને અભિનંદન આપવાથી પણ મારા પેટમાં દુખે છે. કોંગ્રેસને લાગે છે કે જેમણે સરકાર પાડી તે ખેડૂત પુત્રને ભારત રત્ન કેમ આપવામાં આવ્યો?

દેશમાં ખેડુતોનો અવાજ રોકવાવાળુ કોઈ પેદા નથી થયું, થશે પણ નહી, ખેડુતની પ્રસંશા સાંભળી શકતા નથી ? સંસદમાં સિંહ જેવી ગર્જના કરનાર કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાની વિડીયો કલીપ સૌશ્યલ મીડીયામાં ખાસ્સી વાયરલ થઇ હતી.

### નૂતન મિડલ સ્કુલ ખાતે સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધાનું આયોજન થતા શ્રી રૂપાલાની ખાસ ઉપસ્થિતિ

# કેન્દ્રીય મંત્રીશ્રી પરશોતમ રૂપાલા અમરેલી જિલ્લાના પ્રવાસે

**અમરેલીના શેડુભાર ખાતે ડેરી સાયન્સ કોલેજ દ્વારા તાલીમ કેન્દ્ર ખાતે લેઇંગ સેરેમની કાર્યક્રમમાં ઉપસ્થિતિ : ગાંધીનગરમાં રાત્રી રોકાણ કરી દિલ્હી જશે**

અમરેલી,

કેન્દ્રીય મંત્રીશ્રી પરશોતમભાઇ રૂપાલાનો પ્રવાસ કાર્યક્રમ જાહેર થયો છે તે મુજબ તા.૧૦ ને શનિવારે દિલ્હીથી મુંબઇ અને મુંબઈથી તા.૧૧-૨-૨૪ના ૭-૨૫ મિનીટે રાજકોટ હિરાસર એરપોર્ટથી ટંકારા અને સુરત બાદ ૨૨-૦૦ કલાકે લીલીયા મોટા અને તા.૧૨-૨-૨૪ના રોજ સવારે ૭-૦૪ મિનિટે લીલીયા રેલ્વે સ્ટેશનથી ૭-૧૦ મિનિટે ઇશ્વરીયા જશે. ૯-૧૫ કલાકે નૂતન મિડલ સ્કુલ અમરેલી ખાતે યોજાનાર જિલ્લા કક્ષાનો સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં ઉપસ્થિતિ બાદ ૧૧-૧૫ કલાકે અમરેલીના શેડુભાર ગામે જશે ત્યાં ૧૧-૩૦ કલાકે ડેરી સાયન્સ કોલેજના કાર્યક્રમ બાદ બપોરે ૧-૦૦ વાગ્યે ગાંધીનગર જવા રવાના થશે. ગાંધીનગરમાં રાત્રી રોકાણ કરી તા.૧૩-૨-૨૪ને મંગળવારે બપોરે ૧ વાગ્યે પાટણ જવા રવાના થશે. ત્યાંથી પાલનપુર થી નવી દિલ્હી તા.૧૪-૨-૨૪ને બુધવારે ૭-૩૦ કલાકે નવી દિલ્હી પહોંચશે.

### અયોધ્યાની પ્રાણ પ્રતિષ્ઠાનું નિમંત્રણ મળતા

# રાજુલા નજીક રામપરા વૃંદાવન જગ્યાના મહંત શ્રી રાજેન્દ્રબાપુ અયોધ્યાથી પરત આવતા વધામણા કર્યા

**રાજુલા પંથકના આગેવાનોએ રાજેન્દ્રબાપુનુ ભવ્ય સ્વાગત કર્યું**



ચાંદુ તો ઘનશ્યામ મશરૂ મનીષ વાઘેલા તથા જયરાજભાઈ ધાખડા તથા રાજેન્દ્રભાઈ ધાખડા તથા રાજુલા નગરપાલિકાના માજી પ્રમુખ ચિરાગ જોશી વગેરે આગેવાનોએ મહંત શ્રી રાજેન્દ્ર બાપુના અયોધ્યાથી આવતા રાજુલા શહેરના લોકોએ વધામણા કર્યા હતા અને રાજેન્દ્ર બાપુના સર્વોએ આશીર્વાદ મેળવ્યા હતા.

રાજુલા,રાજુલા તાલુકાના રામપરા ગામે વૃંદાવન જગ્યાના મહંત ૧૦૦૮ રાજેન્દ્ર બાપુ અયોધ્યા થી પરત આવતા રાજુલાના આગેવાનો બાપુના વધામણા અને ફુલહાર કર્યા રાજુલા થી ૧૦ કિલોમીટર આવેલા રામપરા ગ્રામે વૃંદાવન વિદ્યાલય છે જ્યાં અન્ન ક્ષેત્ર શાળા છાત્રાલય અને આધુનિક ભગવાન શ્રીરામ નું મંદિર આવેલું અને જાતરડી નદીનો કાંઠો હોવાથી કુદરતી દ્રશ્ય થી વૃંદાવન બાગ પક્ષીઓના કિલોલ થી ખુબસુરત લાગે છે આ જગ્યાના મહંત તરીકે પંચ મોહી નીર મોહી અખાડાના અધ્યક્ષ શ્રી શ્રી ૧૦૦૮ રાજેન્દ્ર બાપુ કાર્યરત છે પરંતુ તેનું કંઈક નવું કરવા માટે સતત દોડધામ કરતા રહ્યા છે બાપુને ત્રણ જગ્યાઓ છે જયપુર હરિદ્વાર અને વૃંદાવન બાગ વિશાળ વહીવટ હોવા સતત કાર્યશીલ હોય છે રામપરા નાનકડા ગામમાં સોમનાથ જેવું બે કરોડના ખર્ચે મંદિર પણ તૈયાર કરાવ્યું છે તમામ તહેવારોમાં મહાપ્રસાદનું આયોજન તો હોય જ આ બાગમાં વિદ્યાર્થીઓ માટે સારા સંસ્કાર મળે તે માટે છાત્રાલય પણ આધુનિક છે શાળા પણ છે ગૌશાળા પણ છે તથા જયપુર અને હરિદ્વાર નો વહીવટ સુંદર રીતે ચલાવે છે ત્રણ જગ્યાના મહંત છે આમાં સમય કાઢી તાજેતરમાં જ અયોધ્યામાં ઉત્સવમાં અનેરી સેવાઓ કરતા હતા રાજેન્દ્ર બાપુની મુખ્યમંત્રી આદિત્ય યોગી તથા નરેન્દ્ર મોદી તથા શેરનાથ બાપુ અને સાધુ સમાજ કે રાજકીય હોય કે ધાર્મિકમાં રામ ઉત્સવમાં જેટલા હતા તેમાં જેટલા સાધુઓમાં પણ સારું એવું પ્રભુત્વ ધરાવતા હતા. કાર્યક્રમ પૂર્ણ થતા શ્રી રાજેન્દ્ર બાપુ ગયરાત્રિના વૃંદાવન વાગે પહોંચ્યા હતા ત્યારે સવારે રાજુલા વૃંદાવન બાગમાં આવતા રામપરા ગ્રામજનો અને રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી ગૌરાંગભાઈ મહેતા તથા વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ યુવરાજભાઈ

# છેલ્લા ૬ મહિનામાં લસણના ૪ ગણા ભાવ વધ્યા

**લસણના ભાવમાં આવેલો જબ્બર ઉછાળો, ગૃહિણીઓનુ બજેટ પણ ખોરવાયુ**

(જી.એન.એસ),રાજકોટ,

રાજ્યમાં લસણના ભાવમાં તોતિંગ વધારો થયો છે. રોજબરોજ રસોઈમાં વપરાતુ લસણ હવે આમ આદમીની પહોંચથી દૂર થઈ રહ્યુ છે તેનુ કારણે છે લસણના ભાવમાં આવેલો જબ્બર ઉછાળો. લસણના ભાવ હાલ ૮૦૦ રૂપિયાની સપાટી કૂદાવી ગયા છે અને હજુ આ ભાવ વધી જ રહ્યા છે. ત્યારે ગૃહિણીઓનુ બજેટ પણ ખોરવાયુ છે. આ અગાઉ ટામેટાના ભાવ આસમાને પહોંચ્યા હતા તે બાદ ડુંગળીએ ઉપાડો લીધો અને હવે લસણના ભાવ તો એટલા વધી ગયા છે ડ્રાયફ્રુટ કરતા મોંઘુ થઈ ગયુ છે. જો કે લસણના ઉંચા ભાવનો લાભ ખેડૂતોને મળી રહ્યો છે. રાજકોટ સહિતની માર્કેટ યાર્ડમાં હાલ એક કિલો લસણના ૪૦૦થી ૫૦૦ રૂપિયાનો ભાવ મળી રહ્યો છે. સારી ગુણવત્તાના લસણના ભાવ ૫૦૦થી પણ ઉંચા છે. ખેડૂતો અને વેપારીઓના મતે લસણનું વાવેતર વધી શકે છે. લસણના આટલા ભાવ વધવા પાછળના કારણો પર નજર કરીએ તો પહેલા તો લસણનું ઓછુ વાવેતર અને ઓછુ ઉત્પાદન, કમોસમી વરસાદ, નવા લસણની ઓછી આવક, જુના લસણની ડિમાન્ડ અને ઓછા સ્ટોકને કારણે ભાવ આસમાને પહોંચ્યા છે. છેલ્લા ૬ મહિનામાં લસણના ૪ ગણા ભાવ વધ્યા છે. નવા લસણની આવક માર્ચ મહિનામાં થશે અને દિવાળી પહેલા લસણનો ભાવ ૨૫૦ થી ૩૦૦ રૂપિયે કિલો હતો. જાન્યુઆરી ૨૪માં આ ભાવ ૩૦૦ થી ૩૫૦ સુધી પહોંચ્યો છે. જો આ જ સ્થિતિ રહેશે તો આવતા મહિના સુધીમાં લસણના ભાવ ૮૦૦ રૂપિયા સુધી પહોંચી શકે છે. લસણના ઉત્પાદનની વાત કરીએ તો લસણના ઉત્પાદનમાં ગુજરાત ચોથા સ્થાને છે. ગુજરાતમાં લસણનું ૩.૫ ટકા જ ઉકત્પાદન થાય છે અને તેમા પણ વિષમ વાતાવરણને કારણે ઉત્પાદન ઘટી જતુ હોય છે.

# લાઠીમાં સોની સમાજના અગ્રણી ધર્મેશ સોનીએ આદીવાસીઓ વચ્ચે જઇ પોતાનો જન્મદિન ઉજવ્યો

**આદીવાસીઓને વિકાસની મુખ્ય ધારામાં જોડવા આહવાન**



લાઠી,(વિશાલ ડોડીયા)

આદિજાતિને વિકાસની મુખ્ય ધારામાં જોડવા,ઉત્કર્ષ અને ઉત્થાનની નેમ સાથે આદિવાસીઓ વચ્ચે સોની સમાજના શ્રી ધર્મેશ સોનીએ પોતાનો જન્મ દિવસ ઉજવ્યો હતો.યુવા આગેવાને પોતાનો જન્મ દિવસ પ્રેરણાદાયક રીતે ઉજવી સમાજને નવી રાહ ચીંધી આદિવાસી બાળકો અને તેમના માતા પિતા સાથે કેક કાપી ઉજવણી કરી. આદિવાસી બાળકો ને સ્કુલ બેગ ગિફ્ટ આપવામાં આવી. તમામ બાળકો માટે સુંદર નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ. સમાજના છેવાડાના માનવીના વિકાસ માટે અનુરોધ કર્યો હતો.

**ગાંધીનગરમાં કરાઈ એકેડમીમાં ખોટી આમંત્રણ પત્રિકા બનાવવી ટ્રેઈની પીએસઆઈને ભારે પડ્યું**

## ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ.મુક્તાબેન (મનિષા) નિતેશભાઇ ધંધુકીયા**
**સ્વ.તા.૦૮-૦૨-૨૦૨૪, પોષ વદ-૧૩, ગુરૂવાર**

જીવન એવું જીવ્યા કે ભુલાય નહી, વિદાય એવી લીધી કે કદી વિસરાય નહી,
હસતો રાખી ચહેરો ધુપસળી જેવું જીવન જીવી ગયા,
આપનો પરોપકારી સ્વભાવ કદી ભુલાશે નહી,
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.
પ્રમુખશ્રી : મુકેશભાઇ મોહનભાઇ ધંધુકીયા - ઉપપ્રમુખશ્રી : મનસુખભાઇ કલ્યાણભાઇ ગોંડલીયા
મંત્રીશ્રી : દિપકભાઇ વિરજીભાઇ આંબલીયા - સહમંત્રીશ્રી : નિતેશભાઇ મુળજીભાઇ ધંધુકીયા
ખજાનચીશ્રી : સુરેશભાઇ લવજીભાઇ કટકીયા - સહખજાનચીશ્રી : ભોવાનભાઇ મુળજીભાઇ માળવી
ટ્રસ્ટીશ્રી : ગોરધનભાઇ લીંબાભાઇ માળવી - ટ્રસ્ટીશ્રી : વિજયભાઇ ગોવિંદભાઇ નારીગરા
ટ્રસ્ટીશ્રી : વિનોદભાઇ મગનભાઇ કટકીયા - ટ્રસ્ટીશ્રી : રવજીભાઇ નારણભાઇ માળવી
ટ્રસ્ટીશ્રી : મનસુખભાઇ વલ્લભભાઇ ધંધુકીયા - ટ્રસ્ટીશ્રી : ભુપતભાઇ ખોડાભાઇ ગોંડલીયા
ટ્રસ્ટીશ્રી : નિલેશભાઇ રમેશભાઇ સરવૈયા - ટ્રસ્ટીશ્રી : વિરજીભાઇ રામજીભાઇ નારીગરા
ટ્રસ્ટીશ્રી : કાળુભાઇ કલ્યાણભાઇ ગોંડલીયા
**વાટલિયા પ્રજાપતિ સમાજ - બગસરા**

**જય રામદેવ ટ્રાવેલ્સ**
ખાંભા, ધારી, તાતણીયા, નેસડી, અમરેલી NON AC
વિસાવદર, ધારી, અમરેલી NON AC
વાયા : આણંદ, વડોદરા સીટી, શાણી જકાતનાકા, કાલાઘોડા, લાલબાગ, ફતેગંઢ, જાંબવાબીજ, ભરૂચ, અંકલેશ્વર, સુરત
ચંદારાણા ટ્રાવેલ્સ એસ.ટી.ડેપો સામે, અમરેલી
મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૪૨૮૩ ૪૧૪૩૨, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૭૨૭૪ ૯૭૭૨૫, ૯૪૨૬૨ ૬૪૬૩૮ : Online booking : www.jayramdevtravels.com

Coca-Cola
જીતુભાઇ પાથર ૯૮૯૮૦ ૫૨૯૭૭ ૯૯૯૮૧ ૧૬૬૬૬
**અર્જુન એજન્સીઝ**
એડ્રેસ : - ભુતીયા, ચિત્તલ રોડ, અમરેલી.

**મેટ્રો કન્સલટન્ટ**
(ટેકસ કન્સલટન્ટ)
વ્યાજબી પૈસા ઝડપી કામ
● એકાઉન્ટીંગ
● GST રીર્ટન
● I.T. રીર્ટન
સંપૂર્ણ સેવા એક જ જગ્યાએ
માર્કેટયાર્ડ રોડ, હેડ પોસ્ટ ઓફીસની બાજુમાં, હરભોલે પાનની ઉપર, પહેલા માળે, અમરેલી.
મો.૯૩૭૬૬ ૫૮૬૫૨, ૯૩૭૪૨ ૩૦૨૩૧ ફોન: (૦૨૭૯૨) ૨૩૦૨૩૧

પેસ્ટ કન્ટ્રોલ
સંજયભાઇ સોલંકી (અમરેલી)
મો. ૯૯૧૩૩ ૫૧૬૨૩
મો. ૯૬૬૪૯ ૫૬૦૬૨
કામની ગેરંટી પુરા ૧૦ વર્ષ
ઉધઇ થી બચો
હવે ઉધઇનો ધી એન્ડ
શું આપ ઉધઇના ત્રાસથી કંટાળી ગયા છો ? અને ઉધઇનો કોઇ ઇલાજ નથી મળતો...
તો આપના મકાન, બંગલા, ટેનામેન્ટ, ઓફીસ વગેરે જગ્યાએ ઇન્જેકશન દ્વારા ઉધઇ ટ્રીટમેન્ટ માટે આજે જ સંપર્ક કરો અને ઉધઇના ત્રાસથી છુટકારો મેળવો.

**ઘંટી વેચાવ છે**
૧૮ ની તથા ૧૬ ની તથા ૧૪ ની તથા ૧૨ ની ઘંટીઓ. કલર નવો ટીપટોપ કન્ડીશનમાં મોટરો સહિત છે
જુની ઘંટી લેનાર વેચનાર
નાની મોટી અદલા બદલી પણ થશે
સંપર્ક : અમરેલી મો.૯૪૨૭૨ ૩૦૩૮૩

**અમરેલી તથા સુરત**
**ચકાભાઇ** ભેળવાળા ફુડ કોર્ટ
સ્વાદિષ્ટ વિવિધ ટેસ્ટમાં ભેળ,બર્ગર, પીઝા સેન્ડબીચ, વિગેરે અનેક વેરાઇટી
સીટી પોઇન્ટ કોમ્પ્લેક્ષ, મોટા બસ સ્ટેન્ડ સામે,અમરેલી.
મો. ૯૮૨૫૭ ૫૫૬૦૫

AMARON LASTS LONG, REALLY LONG.
મનસુખભાઇ મો. ૯૮૨૪૨ ૨૦૮૬૫
ભાણાભાઇ મો. ૯૪૨૮૯ ૭૦૬૫૨
જગદિશભાઇ મો. ૯૫૭૪૧ ૪૭૪૪૭
**પટેલ ટાયર એજન્સી**
એમરોન બેટરીના અમરેલી જીલ્લાના ઓથોરાઇડ ડીસ્ટ્રીબ્યુટર
અજમેરા સ્કૂલ બીલ્ડીંગ, મોટા બસ સ્ટેશન પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

**ચીરંજીવી હાર્ટ કેર હોસ્પિટલ એન્ડ મેટરનીટી હોમ**
ડો. સ્નેહલ સી.પંડયા MD(Medicine)
ડો.નીશા એસ.પંડયા MD(Gynaec)
Phone H.225531 Mobile.9925426394
કેરીયા રોડ, અમરેલી. e-mail : chiranjivi_amr@yahoo.co.in

મહેશભાઇ રાયચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૧
કલ્પેશભાઇ રાયચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૨
મિઠાઇ તથા ફરસાણમાં સદાય નવીનતા આપવી એ અમારી પરંપરા
શ્રી **ભગવતી** સ્વીટ માર્ટ
જુની બજાર, જૈન દેરાસર પાસે, ટાવર રોડ,અમરેલી.
બ્રાન્ચ:- સંઘવી ધર્મશાળા, દુકાન નં. ૨,કિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી.

**મકાન વેચવાનું છે / ભાડે આપવાનું છે.**
ચિતલ રોડ, સિધ્ધેશ્વર મહાદેવના મંદિર પાસે, અમરેલી.
**મકાન વેચવાનું છે**
ગુરૂકૃપાનગર-૨, ચિતલ રોડ, અમરેલી.
■ ટાઇટલ કલીયર ■ લોનેબલ ■ જ્ઞાતિ બાધ નથી ■ દલાલ ભાઇઓએ તસ્દી લેવી
સંપર્ક કરો : 982 444 5656

ઘર જેવું સ્વાદિષ્ટ જમવાનું અમરેલીમાં ફસ્ટનંબર જે તમને સ્વાદિષ્ટ અને સાત્વિક જમવાનું પીરસશે
**શ્રી ગણેશ ડાઇનીંગ હોલ : કેટર્સ**
સતાધાર કોમ્પ્લેક્ષ,નાના બસ સ્ટેન્ડ પાસે,અમરેલી
ફો.ઓ.૨૨૧૬૩૩,મો.૯૩૭૭૪ ૪૮૫૩૯

**ડો.વિભાબેન વેલાણી**
**ડો.રોમી વેલાણી** M.B.B.S
સ્ત્રિઓ અને બાળકોના ડોકટર
સરકારી દવાખાના સામે, બાબરા
નોંધ :- નિઃસંતાન દંપતી સારવાર માટે સજોડે આવે તથા જુના રીપોર્ટ સાથે લાવવા (રવીવારે રજા)
મો.૯૪૨૭૫ ૫૭૭૯૪

શુભ પ્રસંગોમાં કેટરીંગ કામ કરી આપીશું
દરરોજ બપોરે... અલગ અલગ સ્વીટ ■ ફરસાણ ■ ૩ શાક ■ દાળ-ભાત ■ રોટલી ■ છાશ ■ પાપડ ■ સલાડ
દરરોજ સાંજે... ૩ શાક ■ કઢી - ખીચડી ■ રોટલી - રોટલા ■ ભાખરી ■ છાશ ■ પાપડ ■ સલાડ
૧૯૯૮ થી આપની સેવામાં....
**જય ખોડીયાર ડાઇનીંગ હોલ**
શુધ્ધ કાઠીયાવાડી ભોજનનો રસથાળ
કિશોરભાઇ મો. ૯૯૯૮૪ ૩૯૫૫૦ રઘુવિરભાઇ મો. ૭૦૧૬૪ ૩૨૧૪૬
દુકાન નં. ૭/૮, પહેલો માળ, જુના માર્કેટયાર્ડના ગેઇટ પાસે, અમરેલી

ડો. વિવેક પી. જોષી
M.B.(સાયકીઆટ્રી)D.P.M. MIPS,MIAPP
MOB.99099 41310
**ડો. જોષી સાઇકીયાટ્રી કલીનીક**
મગજ, માનસીક રોગ, જાતીય નબળાઇ તથા વ્યસન મુકતીનાં નિષ્ણાંત
પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ / મો.૯૭૩૭૦ ૨૮૧૮૧

હોલસેલ તથા રીટેઇલમાં ખરીદવા માટે
UltraTech CEMENT The Engineer's Choice
સ્ટોકીસ્ટ
**ચંદારાણા ડીસ્ટ્રીબ્યુટર્સ**
માર્કેટીંગ યાર્ડ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૨ ૧૯૬૯૯

**મકાન વેચવાનું છે**
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી ખાતે ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો)
મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે
ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

અમરેલીનું ગૌરવ
**હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**એલર્જી - શ્વાસ - કફ**
**સ્પાયરોમેટ્રી સુવિધા**
**ડો. ડબાવાલા**
ફેફસાના નિષ્ણાંત
અમરેલી. ફો.૨૨૩૦૧૫ (૪૪ વર્ષથી)

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

સ્વાદના શોખીનો માટે ખુશખબર...
**સત્ અમર**
રાજસ્થાની સ્પે.દાલબાટી
માત્ર રૂા.૧૩૦/- માં અનલીમીટેડ
મો.૯૭૧૨૧ ૭૦૬૪૮, ૯૯૭૯૩ ૯૭૩૦૨, ૯૯૨૫૧ ૭૪૨૨૯
બ્રાન્ચ : ભેસાણ - જુનાગઢ
સ્થળ : લાઠી રોડ, લાલાવાવ હનુમાન મંદિરની આગળ, સોનાલીકા ટ્રેકટરના શો-રૂમની સામે, અમરેલી

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૧-૨-૨૦૨૪ રવિવાર

# હિટ એન્ડ રનનો કાયદો એમ તો કંઈ પાછો નહિ ખેંચાય કારણ કે એમાં તરફદારો પણ બહુ છે

કોઈ પણ સરકાર લોકોના હિત માટે કોઈ કાયદો બનાવે તો એ સારી વાત કહેવાય પણ ભારતમાં સરકાર આવો કાયદો બનાવે તો પણ લોકોને વાંધો પડી જાય છે. તેનું કારણ એ છે કે, જેમને આ કાયદો લાગુ પડે છે એ લોકોને કાયદાનો દુરુપયોગ થવાનો ભય હોય છે. આ ભય પણ અકારણ નથી કેમ કે આપણે ત્યાં કાયદાનો ભયંકર દુરુપયોગ નવી વાત નથી. આ સંજોગોમાં કરવું તો શું કરવું એવી મૂંઝવણ પેદા થઈ જતી હોય છે.

મોદી સરકારે ઈન્ડિયન પિનલ કોડ સહિતના જૂના ત્રણ કાયદાના સ્થાને નવા કાયદા બનાવ્યા તેમાં હિટ એન્ડ રનના કેસમાં નવો કાયદો બનાવ્યો તેમાં એવું જ થયું છે. નવા કાયદામાં હિટ એન્ડ રન બદલ ૧૦ વર્ષની જેલની સજા સાત લાખ રૂપિયાના દંડની જોગવાઈ કરાઈ તેમાં ટ્રકચાલકો ભડકી ગયા છે અને હડતાળ પર ઉતરી ગયા છે. સોમવારથી આ હડતાળ શરૂ થઈ છે તેથી તેની અસર આખા દેશમાં નથી વર્તાઈ પણ ઘણાં રાજ્યોમાં પેટ્રોલ, ડીઝલ અને શાકભાજી જેવી આવશ્યક ચીજવસ્તુઓની હેરફેરને અસર થવા માંડી છે. તેના કારણે આ ચીજોની અછત સર્જાવા માંડી છે અને ભાવો પણ ઉંચકાવા માંડ્યા છે તેમાં લોકોનો મરો થઈ રહ્યો છે.

ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટ કોંગ્રેસે પોતે કોઈ હડતાળ પાડી નથી હિટ એન્ડ રન કેસમાં કાયદાની નવી જોગવાઈઓના વિરોધમાં દેશભરમાં ટ્રક-ડ્રાઈવરોએ પોતે જ વાહનો ચલાવવાનો ઈનકાર કરી દીધો છે. ડ્રાઈવરો જાતે જ વાહનો રોડ પર મૂકીને નીચે ઊતરી રહ્યા છે અને બીજાને પણ ચલાવવા દેતા નથી. તેના કારણે હાઈવે પર પણ ટ્રકોની લાઈનો લાગવા માંડી છે. પરિણામે થોડા દિવસો પછી ટ્રાફિક જામની નવી સમસ્યાઓ પણ શરૂ થશે.

માત્ર ટ્રક ડ્રાઈવરો જ હડતાળ પર છે એવું નથી. ઘણાં શહેરોમાં તો બસ, સ્કૂલ વાન સહિતના વાહનોના ડ્રાઈવરો પણ હડતાળ પર છે કેમ કે હિટ એન્ડ રનનો કાયદો બધા ડ્રાઈવરોને લાગુ પડે છે. મધ્યપ્રદેશમાં તો પબ્લિક ટ્રાન્સપોર્ટેશનની બસોના ડ્રાઈવરો પણ હડતાલ પર જતા રહ્યા છે. તેના કારણે ભોપાલ, ઈન્દોર, ગ્વાલિયર, જબલપુર સહિતનાં શહેરોના બસ સ્ટેન્ડ પરથી બસો જ ઉપડી નથી. આ ઉપરાંત સ્કૂલ બસ અને સ્કૂલવાન બંધ હોવાથી ઘણી શાળાઓમાં રજા જાહેર કરવી પડી છે.

નવો કાયદો ટ્રક-ડ્રાઈવરો જ નહીં પણ બસ, ટેક્સી અને ઓટો-ડ્રાઈવરોને પણ લાગુ પડે છે તેથી એ લોકો પણ તેનો વિરોધ કરી રહ્યા છે. નવા નિયમો તમામ ખાનગી વાહનચાલકોને સમાન રીતે લાગુ પડશે એ જોતાં હવે પછી બીજાં રાજ્યોના બસ, ટેક્સી અને ઓટો-ડ્રાઈવરો પણ હડતાળમાં જોડાશે તો દેશભરમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ, સ્કૂલ વાન, બસ વગેરે બંધ થઈ જશે તો ભારે અરાજકતા સર્જાઈ જશે.

આ મુદ્દો પેચીદો છે અને તેને સમજવા માટે હિટ એન્ડ રનની જૂની જોગવાઈ શું હતી ને નવી જોગવાઈ શું છે એ સમજવું જરૂરી છે. હિટ એન્ડ રન એટલે શું એ સમજાવવાની જરૂર નથી પણ કાયદાની પરિભાષામાં હિટ એન્ડ રન કોને કહેવાય એ સમજી લઈએ. વાહન બીજા વાહનને કે વ્યક્તિને ટક્કર માર્યા બાદ સ્થળ પરથી ભાગી જાય અને પોલીસ સમક્ષ હાજર ના થાય તેને 'હિટ એન્ડ રન' કેસ ગણવામાં આવે છે. મતલબ કે ડ્રાઈવર અકસ્માત કર્યા પછી તેની જવાબદારી સ્વીકારે નહીં ને અકસ્માતને છૂપાવે તેને હિટ એન્ડ રન કહેવાય.

હિટ એન્ડ રનના કેસમાં જૂના કાયદા પ્રમાણે, ડ્રાઈવરની ઓળખ કર્યા પછી તેના પર ઈન્ડિયન પીનલ કોડ (ઈંડઈ)ની કલમ ૨૭૯, ૩૦૪અ અને ૩૩૮ લગાવાતી હતી. કલમ ૨૭૯ બેદરકારીથી ડ્રાઈવિંગ માટે હતી, ૩૦૪અ બેદરકારી દ્વારા કોઈનું મૃત્યુ નિપજાવવા માટે હતી અને ૩૩૮ કોઈના જીવનને જોખમમાં મૂકવા માટે હતી. આ ત્રણ કલમો હેઠળ હેઠળ કેસ નોંધવામાં આવે અને તેનો અપરાધ સાબિત થાય તો બે વર્ષની જેલની જોગવાઈ હતી. આ કેસમાં જામીન પણ મળતા હતા.

નવા કાયદો પ્રમાણે, કોઈ વ્યક્તિ અકસ્માતમાં મૃત્યુ પામે અને ડ્રાઈવર સ્થળ પરથી ફરાર થઈ જાય તો તેને ૧૦ વર્ષની જેલની સજા થઈ શકે છે. આ ઉપરાંત સાત લાખ રૂપિયાનો દંડ પણ ભરવો પડશે. ભારતીય ન્યાય સંહિતામાં હિટ એન્ડ રનના કેસમાં 'બેદરકારીથી મૃત્યુ' અંગે કરાયેલી વિશેષ જોગવાઈ પ્રમાણે ડ્રાઈવર પૂરપાટ ઝડપે વાહન ભગાવીને બેદરકારી દાખવીને અકસ્માત સર્જે અને કોઈનું મૃત્યુ થાય પછી ડ્રાઈવર પોલીસ અથવા મેજિસ્ટ્રેટને જાણ કર્યા વિના ભાગી જાય તો એ દોષિત ગણાય. આ કાયદો બનાવવા પાછળનો ઉદ્દેશ અકસ્માત કર્યા પછી ડ્રાઈવરોને ભાગી જતા રોકવાનો છે કેમ કે હિટ એન્ડ રનના કેસમાં દરેક વાર અકસ્માત થાય કે તરત વ્યક્તિ મરી જતી નથી. ઘણી વખત ઈજાગ્રસ્ત વ્યક્તિને સમયસર હોસ્પિટલમાં લઈ જવામાં આવે અને સમયસર સારવાર મળે તો બચી જાય. કેટલાક કિસ્સામાં પ્રાથમિક સારવાર મળે તો પણ તેને બચાવી શકાય છે તેથી ડ્રાઈવરો ભાગવાના બદલે ઘાયલ તરફ ધ્યાન આપે.

આ ઉદ્દેશ શુભ છે તેમાં શંકા નથી પણ ડ્રાઈવરોની દલીલ પણ સાંભળવા જેવી છે. તેમનું કહેવું છે કે, અકસ્માત સર્જાય ત્યારે આપણે ત્યાં ઉશ્કેરાટનો માહોલ હોય છે. લોકો સમજ્યા વિના ડ્રાઈવરને ધિબવા જ માંડે છે. આ સંજોગોમાં ડ્રાઈવર માનવતા બતાવીને ઘાયલને મદદ કરવા જાય તો પોતે જ પતી જાય એવી હાલત થઈ જતી હોય છે ત્યારે ડ્રાઈવર પોતાનો જીવ બચાવે કે માનવતા બતાવે? ડ્રાઈવર પાસે પોલીસ કે મેજિસ્ટ્રેટ પાસે હાજર થવાના

### પતિએ રકઝક કરતા લાગી આવતા

## ધારીના વાવડીની સીમમાં પરીણીતાએ ઝેરી દવા પીધી

**ઝેરી દવા પી જતા પરિણીતાને સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાઇ**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) એમપીની હાલ ધારી તાલુકાના વાવડી ગામની સીમમાં વલકુબાપુની વાડીએ ખેતીકામ કરતી રીનાબેન મહેશભાઈ શીંગાડ ઉ.વ. ૨૦ ખેતીકામ કરીને ઘરે આવેલ. અને થાકી ગયેલ હોય. તેવામાં તેના પતિ મહેશ ભોજાભાઈ શીંગાડે ફટાફટ રસોઈ કરવાનું કહેતા કહેલ કે થોડીવાર મને આરામ કરવા દો. હું ખેતીકામ કરીને થાકી ગયેલ છું. અને પતિએ રકઝક કરતા પોતાને મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે ઘાસ બાળવાની ઝેરી દવા પી જતા ઉલ્ટી ઉબકા થવા લાગતા સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

### પિતાએ નોટીસમાં સહી કરવાની ના પાડતા

## રાજુલાના ઢોલરીયાધારની સીમમાં યુવાન ઉપર હુમલો

**બે શખ્સોએ લાકડી અને ઢીકાપાટું વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) રાજુલા ઢોલરીયાધાર વાડી વિસ્તારમાં વર્ષ ૨૦૨૨ માં રસીક છગનભાઈ કવાડે સીનીયર સિવિલ રાજુલા કોર્ટમાં મહેશભાઈના પિતા વિરુધ્ધ દાવો દાખલ કરેલ હતો. જે મનદુખ ચાલતું હોય તા.૭-૨-૨૪ ના રસીક કોઈ માણસને લઈ નોટીસની બજવણી કરી મહેશભાઈના પિતા પાસે ગયેલ. ત્યારે તેમણે જણાવેલ કે હું અભણ છું. અને મારો દિકરો મહેશભાઈ ઘરે નથી. એ આવે પછી વાંચીને મારો દિકરો કહે તો સહી કરી આપું. તેમ જણાવેલ. અને નોટીસમાં સહી કરવાની ના પાડતા તેઓ જતા રહેલ હતા. જેનો ખાર રાખી તા. -૯-૨ ના મોડી રાત્રિના મહેશભાઈ પોતાની વાડીએ ઘર બહાર ખાટલા ઉપર સુતા હતા. ત્યારે રસીકે તેની સાથે બે અજાણ્યા માણસોને લઈ મહેશભાઈના પિતાના નામની વાડીમાં પ્રવેશ કરી લાકડી વડે મુંઢમાર મારી સાથે આવેલ બે અજાણ્યા શખ્સોએ ઢીકાપાટું વડે મારમારી ત્રણે જણાએ ગાળો બોલી જતા જતા મહેશભાઈના પિતાને કહેતા ગયેલ કે તમારી જમીન અમારા ખાતે કરી દેજો. નહીતર અમે મહેશભાઈને જીવતા નહી રહેવા દઈએ. તેવી ધમકી આપ્યાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ધારી નજીક ડાંગાવદરમાં યુવાનનું ઝેરી દવા પી જતા મોત નિપજયું

**દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજયાનું જાહેર કરાયું**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી તાલુકાના ડાગાંવદર ગામે રહેતા હસમુખભાઈ નાજાભાઈ ચાવડા ઉ,.વ. ૩૦ કોઈ અગમ્ય કારણોસર કંટાળી જઈ તા. ૯-૨ ના ૧૦:૦૦ કલાકે પોતે પોતાની મેળે ઘઉંમા નાખવાના ઝેરી ટીકડા પી જતા દવાખાને ખસેડાતા સારવાર દરમ્યાન મૃત્યું નિપજયાનું જયસુખભાઈ નાજાભાઈ ચાવડાએ ધારી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## રાંઢીયાથી જીથુડી જવાના રસ્તે એમપીના બે શ્રમિકો ઈંગ્લીશ દારૂ સાથે ઝડપાયા

**૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ રૂ/.૧૦,૯૦૩ સહિતનો મુદામાલ કબ્જે**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી તાલુકાના રાંઢીયા ગામથી જીથુડી જવાના રોડ ઉપર મુળ એમપીના હાલ રાંઢીયા કાળુભાઈ ગોગનભાઈ પડસાળાની વાડીએ કામ કરતા જાગુ શંકરભાઈ પચાયા, લાલુ શંકરભાઈ પચાયાને પો,.કોન્સ, અજીતદાન ગઢવીએ જુદી જુદી બ્રાન્ડનો ૩૭ બોટલ ઈંગ્લીશદારૂ રૂ/. ૧૦,૯૦૩ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

## સાવરકુંડલામાં જુના મનદુખના કારણે યુવાન ઉપર હુમલો કર્યો

**ગાળો બોલી લાકડી વડે મારમારી ધમકી આપી**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલા સંઘિચોક હજામશેરીમાં રહેતા અયુબભાઈ જુમાભાઈ ઝાંખરા ઉ.વ. ૩૨ ને ઓટો રીક્ષા ચલાવતા હોય. જેનું ભાડું સમજવા પ્રશ્ને અગાઉ જાવેદ હસન કાદરી સાથે મનદુખ થયેલ. જેથી જાવેદ હસનભાઈ તથા યાસીન હબીબભાઈ ચૌહાણે ગાળો બોલી લાકડી વડે મારમારી ધમકી આપ્યાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### અમરેલીમાં યુવતિ ગુમ

અમરેલી, અમરેલી ગજેરાપરામાં રહેતી યુવતિ શીતલ આઈસ્ક્રીમમાં નોકરી કરવા નીકળેલ હોય. બાદ કોઈને કાંઈ કહયા વગર ગુમ થયાનું યુવતિના પિતાએ અમરેલી સીટી પોલિસ મથકમાં જાહેર કરેલ છે

### અમરેલીમાં નાગનાથ બસસ્ટેશન સામે મોબાઈલ ચોરાયો

અમરેલી, અમરેલી નાગનાથ બસસ્ટેશન સામે રીક્ષા સ્ટેન્ડ પાસે લાઠીના સુમિતાબેન રમેશભાઈ બારૈયા ઉ.વ. ૩૦ સામાજીકપ્રસંગ માટે લાઠીથી અમરેલી ઈકો ગાડીમાં આવતા અમરેલી નાના બસસ્ટેન્ડ સામે ઈકોમાંથી ઉતરતી વખતે પોતાના પર્સમાં રાખેલ વીવો કંપનીનો રૂ/.૧૯,૯૯૦ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## બાબરા ચેક બાઉન્સ કેશમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકતી જસદણ કોર્ટ

**જસદણ કોર્ટમાં કેસ ચાલી જતા આપેલો ચુકાદો**



બાબરા, (દિપક કનૈયા) રસીકભાઈ કરમશીભાઈ રહે. હનુમાન ખાચરીયા વાળાએ લાઠી ના રહીશ જાહીરહુશેન અસરફભાઈ સખીરાણા સાથે કરેલ મકાન સોદા બદલ રૂપીપા પાંચ લાખ બાનાપેટે આપેલ તે મકાન નો સોદો ફોક થતા બાનાની રકમ પરત કરવા આરોપીએ ચેક આપેલ તે ચેક બાઉન્સ થતા ફરીયાદીએ જસદણ કોર્ટ માં ફરીયાદ કરેલ તે કામે પુરાવા ના અંતે આરોપી તફ ના એડવોકેટ સલીમ જસાણી એ નામદાર હાઈકોર્ટ સુપ્રીમ કોર્ટે ચેક બાઉન્સ ના કેશ સંબધે આપેલ માર્ગદર્શક સિધ્ધાંતો ની વીગતવાર દલીલો રજુઆતોથી ફરીયાદી આરોપી સાથે નો વ્યવહાર સાબીત નહી કરી શકતા નામદાર જસદણ એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી કે.એન.દવે. સાહેબે આરોપી ને નીદોર્ષ ઠરાવી છોડી મુકવા નો હુકમ કરેલ છે.

## રાજુલાના કોટડીમાં કોંગ્રેસની કારોબારી બેઠક મળી

**રાજુલા જાફરાબાદ શહેર તાલુકા કોંગ્રેસ સમિતિના કાર્યકરોની ઉપસ્થિતી**



રાજુલા,

રાજુલા અને જાફરાબાદ શહેર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજીત મહત્વની કારોબારીની મીટીંગ રાખવામા આવી હતી જેમા તમામ કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા મિટિંગમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પ્રદેશ કોંગ્રેસના આગેવાન સંજયસિંહ સરવૈયા, પૂર્વ ધારાસભ્ય પ્રવિણભાઈ રાઠોડ સહિત અન્ય પ્રદેશ કોંગ્રેસના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા અને કોંગ્રેસના કાર્યકરો હોદેદારો મોટી સંખ્યમાં ઉપસ્થિત રહ્યા હતા

## જુનાગઢમાં પત્ની પતિને બીજી છોકરી સાથે વિડીયો કોલમાં વાત કરતા જોઇ જતા બાંધીને મારમાર્યો

**જુનાગઢના મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ**

જુનાગઢ,

જુનાગઢના મધુરમ વિસ્તારમાં મંગલધામ-૨માં આવેલ રાધિકા એપાર્ટમેન્ટમાં રહેતા નેહાબેન નામની પરિણીતા પતિ પ્રકાશ વિજયભાઈ સોલંકીને બીજી છોકરી સાથે વિડીયો કોલમાં વાત કરતા જોઈ જતા ઉશ્કેરાઈને પતિ પ્રકાશ સોલંકીએ પત્ની નેહાબેનને મારમારી હાથ પગ બાંધી દઈ માનસિક ત્રાસ આપ્યાની જુનાગઢ મહિલા પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### ધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાલાના વરદ હસ્તે

## સાવરકુંડલામાં રૂપિયા ૨૫ કરોડના ખર્ચે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ૫ કરોડના ખર્ચે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા કામોનું ખાતમુહુર્ત કરાયું

**ગુજરાત શહેરી વિકાસ ગૃહનિર્માણ વિભાગની ગુજરાત શહેરી વિકાસ કંપની દ્વારા ગ્રાન્ટ ફાળવી**





સાવરકુંડલા, સાવરકુંડલા શહેરમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન રૂપિયા ૨૫ કરોડના ખર્ચે અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ રૂપિયા ૫ કરોડના ખર્ચે બનાવવા માટે ના કામોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા કરવામાં આવ્યું તેમજ આવાસ અર્પણ યોજના કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા. સાવરકુંડલા શહેરના અમરેલી રોડ ઉપર આવેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ છેલ્લા ઘણા વર્ષોથી બંધ હાલતમાં છે ત્યારે તેમને ફરી આધુનિક રીતે શરૂ કરવા માટે ગુજરાત શહેરી વિકાસ અને ગ્રુહ નિર્માણ વિભાગ હસ્તકની ગુજરાત શહેરી વિકાસ કંપની દ્વારા રૂપિયા ૨૫ કરોડના ખર્ચે સુએ જ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નું ખાતમુહૂર્ત સાવરકુંડલા ના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા નો વરદ હસ્તે કરવામાં આવ્યું અને નલ સે જલ અંતર્ગત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ રૂપિયા પાંચ કરોડના ખર્ચે હાથસણી રોડ પર નું ખાતમુહૂર્ત પણ મહેશભાઈ કસવાળા દ્વારા કરવામાં આવ્યું. આ બંને ખાતમુહૂર્ત પ્રસંગે પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર શહેર અને તાલુકાના સંગઠનના પ્રમુખો તાલુકા પંચાયત જિલ્લા પંચાયતના હોદ્દેદારો નગરપાલિકાના હોદ્દેદારો અને કર્મચારીઓ સહિતની મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને શહેરને શુદ્ધ પાણી મળે તેમ જ સાવરકુંડલા શહેર માંથી પસાર થતી ગટર લાઈન આ બંને ના ખાતમુરતો કરવામાં આવ્યા હતા. સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ ખાતે આવાસ અર્પણ યોજના વિકસિત ભારત વિકસિત ગુજરાત અંતર્ગત ગુજરાતના ૧૮૨ વિધાનસભા ક્ષેત્રમાં દેશના વડાપ્રધાન માધ્યમથી જોડાયા હતા અને કુલ ૧,૩૧,૪૫૪ આવાસૌનું લોકાર્પણ અને ખાતમૂર્ત કરાયું જેમાં સાવરકુંડલામાં પણ ૧૬૦ આવાસોનું ખાતમુરત અને લોકાર્પણ કરવાનો કાર્યક્રમ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું જેની અંદર સાવરકુંડલા અને લીલીયા તાલુકા માંથી વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### સંવાદ કાર્યક્રમને કારણે

## સાવરકુંડલા માર્કેટયાર્ડમાં હરરાજી સહિતનું તમામ કામકાજ બંધ રહ્યું

**સોમવારથી માર્કેટ યાર્ડ રાબેતામુજબ શરૂ થશે**

સાવરકુંડલા. આગામી તા.૧૦/૨/૨૦૨૪ને શનીવારના રોજ સરકારશ્રીની યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદનો કાર્યક્રમ આ એ.પી.એમ.સી.ના શેડમાં રાખવામાં આવેલ છે. જેથી તા.૧૦/૨/૨૦૨૪ ને શનીવારના રોજ સાવરકુંડલા એ.પી.એમ.સી. નું તમામ કામકાજ બંધ રહેશે. તા.૧૨/૨/૨૦૨૪ ને સોમવારથી માર્કેટયાર્ડનું કામકાજ રાબેતા મુજબ શરૂ રહેશે. જેની દરેક ખેડુતભાઈઓ, વેપારીભાઈઓ તથા દલાલભાઈઓને જાણ કરવામાં આવેછે. તેમ માર્કેટયાર્ડના સેક્રેટરીએ જણાવ્યું છે.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

### કપાસ ૧૦૬૧ થી ૧૪૬૯ મગફળી ૯૦૫ થી ૧૨૯૫

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૨૬-૧૨૩૭
શિંગમોટી-૯૦૫-૧૨૯૫
જુવાર-૪૫૫-૧૨૫૦
તલસફેદ-૨૩૨૫-૩૩૩૦
તલકાશ્મીરી-૩૩૧૦-૪૧૩૦
બાજરો-૪૮૯-૫૦૧
ઘઉંટુકડા-૪૩૮-૬૪૩
ઘઉંલોકવન-૪૧૧-૫૭૮
એરંડા-૧૦૪૦-૧૦૯૪
ચણા-૯૦૦-૧૨૧૦
કપાસ-૧૦૬૧-૧૪૬૯
રાયડો-૮૪૯-૯૦૯
જીરૂ-૫૮૨૫-૫૮૨૫
ધાણા-૧૦૭૦-૧૨૫૦
સોયાબીન-૮૩૫-૮૮૨
તુવેર-૧૧૭૧-૧૯૫૬
મરચાલાંબા-૧૦૩૦-૩૮૧૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૦૦-૨૮૦
રીંગણા-૧૦૦-૨૪૦
ફલાવર-૨૦૦-૩૦૦
કોબીઝ-૧૯૦-૩૦૦
ટમેટાં-૩૦૦-૬૦૦
વટાણા-૭૧૦-૮૦૦
ગાજર-૧૬૦-૩૦૦
કારેલા-૭૦૦-૭૫૦
ગલકા-૫૦૦-૬૧૦
કાકડી-૪૦૦-૫૦૦
ગુવાર-૮૩૦-૧૧૨૦
ચોળાલીલા-૬૦૦-૭૦૦
તુરીચા-૬૦૦-૮૦૦
ભીંડો-૫૦૦-૭૩૦
આદુ-૧૭૫૦-૨૦૫૦
કોથમીર-૧૦૦-૩૦૦
મેથીભાજી-૧૬૦-૨૫૦
વાલ-૭૦૦-૮૦૦
લીમડોમીઠો-૭૦-૧૦૦
મરચાલીલા-૫૦૦-૭૮૦
લસણસુકું-૪૦૦૦-૪૬૨૦
લીંબુ-૧૬૦૦-૧૮૦૦
પાલક-૨૧૦-૩૧૦

**રાજુલાયાર્ડ**
બાજરો-
જુવાર-
ઘંઉ-
તલસફેદ-
ચણા-
સોયાબીન-
શીંગ-
તુવેર-
કપાસ-
અડદ-
મકાઈ-

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૮૦-૬૭૩
ડુંગળીલાલ-૧૧૨-૨૮૩
ડુંગળીસફેદ-૨૦૦-૩૦૩
તલસફેદ-૨૧૦૧-૩૨૦૦
મગ-૧૭૫૧-૨૦૫૧
જુવાર-૪૮૯-૧૦૩૦
ચણા-૧૦૭૬-૧૫૨૭
તુવેર-૧૩૫૦-૨૧૧૧
અડદ-૧૨૨૫-૧૭૦૦
કપાસ-૧૦૫૦-૧૩૭૬
સોયાબીન-૮૪૪-૮૪૯

**બાબરા**
કપાસ-૧૧૬૦-૧૪૮૯
ધાણા-૧૧૬૦-૧૪૦૦
ચણા-૯૪૫-૧૨૦૫
ઘઉં-૪૬૮-૬૧૨
તુવેર-૧૫૩૦-૧૮૯૦
તલસફેદ-૨૫૩૦-૨૯૪૦
મગફળી-૧૧૮૯-૧૨૨૧

**ધારી**
કપાસ-૧૦૪૧-૧૪૫૨
મગફળી-૧૧૨૦-૧૧૫૦
તુવેર-૧૫૪૫-૧૭૭૫
સોયાબીન-૮૪૦-૮૪૦
ચણા-૧૦૩૫-૧૧૬૫
એરંડા-
ઘઉં-૪૭૬-૫૫૧
વાલ-
અડદ-
ધાણા-૧૨૨૬-૧૨૨૬

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-
તલસફેદ-
મકાઈ-
તુવેર-
કપાસ-
ઘઉં-
બાજરો-
ધાણા-
ચણા-
સોયાબીન-
જીરૂ-

**ખાંભા**
કપાસ-૧૧૬૧-૧૪૫૫
બાજરો-૪૩૧-૪૩૧
ઘઉં-૬૦૮-૬૦૮
મકાઈ-૪૫૦-૫૦૪
જુવારસફેદ-૬૫૨-૮૫૨
તુવેર-૧૩૦૦-૧૮૦૦
સોયાબીન-
ચણા-૧૦૫૧-૧૨૦૦

**બગસરા**
કપાસ-૧૦૫૦-૧૫૦૦
મગફળી-૧૧૦૦-૧૧૦૦
ચણા-૯૫૧-૧૧૪૧
ઘઉંલોકવન-૫૦૩-૫૪૧
ઘઉંટુકડા-૪૯૪-૬૦૧
ધાણા-૧૧૦૦-૧૧૫૧
સોયાબીન-૭૨૫-૮૧૧
બાજરો-૪૭૨-૪૭૨
તુવેર-૧૬૬૦-૧૭૨૧
અજમા-૨૮૦૦-૨૮૦૦
શીંગફાડા-૧૩૫૦-૧૩૫૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૪૦૦-૯૦૦
દાડમ-૫૦૦-૧૮૦૦
મુસંબી-૬૦૦-૧૧૦૦
જામફળ-૮૦૦-૧૫૦૦
સંતરા-૯૦૦-૧૩૦૦
કીવી-૪૦૦૦-૬૫૦૦
ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-૩૦૦૦
બોર-૨૦૦-૪૦૦
કેળા-૪૦૦-૫૦૦
પોપૈયા-૨૬૦-૩૬૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૧૫૦૦-૨૨૦૦
અનાનસ-૧૦૦૦-૧૩૦૦
અંગુર-૫૦૦-૨૦૦૦

**લીલીયા**
કપાસ-૧૦૪૮-૧૪૩૬

### અમરેલી આજનુ તાપમાન

| | |
|---|---|
| મહ ામ તાપમાન | ૨૯.૭ |
| ન્યુનતમ તાપમાન | ૧૫.૨ |
| ભેજનું પ્રમાણ | ૫૩ |
| પવનની ગતિ સરેરાશ | -.૮.૦ |

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૧૧.૨.૨૦૨૪ રવિવાર, સંવંત ૨૦૮૦, મહા સુદ બીજ, શતતારા નક્ષત્ર, પરિઘ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કુંભ (ગ,સ,શ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : મનમાં અન્ય પ્રત્યે અભાવ આવી શકે છે પરંતુ નકારાત્મક વિચારો ટાળવા સલાહ છે, દિવસ મધ્યમ રહે.
વૃષભ (બ,વ,ઉ) : ઉતાવળે કાર્ય નહિ કરી શકો ધીમી પ્રગતિ જોવા મળે, કામકાજમાં સફળતા મળે.
મિથુન (ક,છ,ઘ) : સંઘર્ષ પછી સફળતા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે શુભ, પ્રગતિકારક દિવસ.
કર્ક (ડ,હ) : તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકશો, પોઝિટિવ વિચારોથી આગળ વધશો તો અવશ્ય કાર્યસિદ્ધિ મળશે.
સિંહ (મ,ટ) : અટવાયેલા કાર્ય પૂર્ણ થાય, કોર્ટ કચેરીમાં સારું રહે, ઘણા સમય થી રાહ જોઈ રહ્યા હોય તેવી બાબતો સામે આવે.
કન્યા (પ,ઠ,ણ) : લાગણીના સંબંધોમાં સારી અનુભૂતિ થાય, અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.
તુલા (ર,ત) : સવાર બાજુ દોડધામ રહે, સાંજ ખુશનુમા વીતે, ઈચ્છીત પરિણામ મેળવી શકો, શુભ દિન.
વૃશ્ચિક (ન,ય) : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પ્રાપ્ત થાય, વિદેશ જવા માંગતા મિત્રોને પણ વાત આગળ વધે!.
ધન (ધ,ભ,ફ,ઢ) : આધ્યાત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, સત્સંગથી સંશયો દૂર થાય, શુભ દિન.
મકર (ખ,જ) : વિલંબ થી પણ તમને કાર્ય માં સફળતા મળે, અંતરાય દૂર થાય, જીવનમાં નવો પ્રકાશ ફેલાતો લાગે.
કુંભ (ગ,સ,શ) : તમે તમારી જાત સાથે રહી શકો, શોખ અને આનંદની બાબતો કરી શકો, મનોમંથન કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ) : સવાર બાજુ થોડી કામગીરી રહે, તમારી પ્રગતિના દરવાજા ખુલતા જણાય, અંતરાયો દૂર થાય.

## સુરતમાં પેસેન્જરોની નજર ચૂકવી ચોરી કરતો આરોપી સકંજામાં આવ્યો

### અવસાન નોંધ

**મોટી કુંકાવાવ**

મોટી કુંકાવાવ નિવાસી મનુભાઈ વલ્કુભાઈ બસિયા (ઉ.વ ૬૮) તે નાજભાઈ, દિલુભાઈ, હકુભાઈ, ડીવી બસિયા (નિવૃત ડીવાયએસપી) તેમજ રાજુભાઈ (અધ્યાપક કચ્છ યુનિવર્સિટી) ના મોટાભાઈ તથા દીપકભાઈ તેમજ ભગીરથભાઈના પિતાશ્રી નું તા.૯-૦૨-૨૦૨૪ ને શુક્રવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે

### અમરેલી નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજન થતાં

# અમરેલીમાં એકલવ્ય રમતોત્સવનો પ્રારંભ

**રમતોત્સવમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ સમગ્ર રાજયમાં અમરેલીનું નામ રોશન કરે તેવી શુભકામના પાઠવતાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઇ વેકરીયા**

**ઓલિમ્પિક કક્ષાના ખેલાડી તૈયાર કરવાનો પાયો નાખવા રાજયમાં ખેલ મહાકુંભની શરૂઆત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરાવી : શ્રી દિલીપભાઇ સંઘાણી**



અમરેલી,

ભણતર સાથે રમત ગમત દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થાય તેવા હેતુથી અમરેલી નગર પાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત 'એકલવ્ય રમતોત્સવ ૨.૦'નો નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયા અને ઈફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને શુભારંભ થયો હતો. મહાનુભાવોની ઉપસ્થિતિમાં અમરેલી સ્થિત વિદ્યાસભા ડી.એલ.એસ.એસ.ના પ્રાંગણમાં મશાલ પ્રજ્વલ્લિત કરી રમતોત્સવની શરુઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયાએ, વિદ્યાર્થી જીવનમાં રમત ગમતનું શું મહત્વ છે તે બાબતે વિદ્યાર્થીઓને જણાવ્યુ હતુ. તેમણે કહ્યુ કે, આ રમતોત્સવમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ ભવિષ્યમાં સમગ્ર રાજયમાં અમરેલી જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા છે. આ પ્રસંગે તેમણે કાર્યક્રમના આયોજન બદલ અમરેલી નગરપાલિકાને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના અદયક્ષ શ્રી ઈફકોના ચેરમેનશ્રી દિલિપભાઈ સંઘાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યુ કે, રાજયભરના ખેલાડીઓ રમત ગમતમાં આગળ વધે તેવા પ્રયાસો રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.રાજયમાંથી ઓલિમ્પિક કક્ષાએ ભાગ લઈ શકે તે માટે ખેલાડીઓ તૈયાર થાય તે આશયથી તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના કાર્યકાળ દરમિયાન ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે આ કાર્યક્રમના આયોજન બદલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને શુભકામનાઓ પાઠવી અને પ્રોત્સાહક રકમ આપવાની જાહેરાત કરી હતી. કાર્યક્રમના પ્રારંભે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી તુષારભાઈ જોશી તેમજ અમર ડેરી વાઈસ ચેરમેન શ્રી મુકેશભાઈ સંઘાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખશ્રી બિપીનભાઈ લીંબાણી, અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલિયા, લાઠી-બાબરાના ધારાસભ્યશ્રી, જનકભાઈ તળાવિયા, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ગોહિલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી શ્રી આશિષભાઈ જોશી, નગરપાલિકાના સદસ્યો, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સદસ્યો, કેમ્પસના ડિરેક્ટરશ્રી, રમતોત્સવના દાતાશ્રીઓ, વિવિધ શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ અને વિદ્યાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### અનેક પ્રશ્નો છતાં પણ ઉકેલ આવતો નથી

## અમરેલી શહેર અને જિલ્લામાં ભયંકર બેરોજગારી

**બ્રોડગેજ લાઇન ઝાંઝવાના જળ સમાન : હજુ બ્રોડગેજના ઠેકાંણા નથી**



અમરેલી,અમરેલીના પનોતા પુત્ર એવા જીવરાજ મહેતાએ અમરેલીનું નાણા ચૂકવવા માટે અમરેલીને જિલ્લો તો બનાવી દીધો પરંતુ તે પછીના આજ સુધીના કોઈ પણ નેતાએ અમરેલીના પ્રાણ પ્રશ્નો જેવા કે સારું અને મોટું એરપોર્ટ, તમામ સુવિધાઓ ધરાવતી જિલ્લા ક્ષેત્રની સિવિલ હોસ્પિટલ, કે અમરેલી શહેરને જોડતી બ્રોડગેજ રેલ્વે લાઈન, કે સારી સરકારી સ્કૂલો કે કોલેજો, કે અમરેલીમાં મોટા ઉદ્યોગો સ્થાપવા માટે જરૂરી જોગવાઈઓ કે જીઆઈડીસી માં સારી વ્યવસ્થાઓ કરેલ નથી જેથી અમરેલી આજ સુધી પછાતનો પછાત જ જિલ્લો રહ્યો છે.અને ખૂબ જ દુઃખની વાત એ છે કે અહીંયા અમરેલી જિલ્લામાં ગ્રેજ્યુએટ થયેલ કોઈપણ યુવક કે યુવતીને માત્ર રૂપિયા ૧૦,૦૦૦ના પગારમાં પણ તાત્કાલિક નોકરી મળતી નથી એટલે એને નાછૂટકે મોટા શહેરોમાં જવાનો વારો આવે છે અને અમરેલી માંથી હિજરત કરવી પડે છે.હાલની ભાજપ સરકાર પણ રાજ્યમાં છેલ્લા ૨૮ વર્ષ ઉપરાંતથી છે અને હાલના જે યુવાનો છે એણે એકમાત્ર સરકાર જોઈ છે અને આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પણ ગુજરાત મોડલ એ જ વડાપ્રધાનના પદ સુધી પહોંચાડેલ છે અને એ મુખ્યમંત્રી હતા ત્યારે અમરેલી પહેલી મે ગુજરાત સ્થાપના દિવસ ઉજવાયેલ અને તેઓએ રૂપિયા ૧૧૦૦ કરોડ અમરેલી માટે જાહેર કરેલ..તેના પણ કોઈ કામ અમરેલીમાં થયેલ નથી, છતાં પણ ગુજરાતનો આવો નવો નહીં એવો જૂનો ઘણા વર્ષોથી જિલ્લો થયેલ અમરેલી જીલ્લો આજ સુધી પછાત છે અને કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા અમરેલીને યેન કેન પ્રકારે પણ આગળ લાવવા અને વિકસિત કરવા માટે કોઈ તસ્દી લેવાતી હોય એવું લાગતું નથી.હાલ જ્યારે અમરેલી નગરપાલિકાને મ્યુનિસિપલ કોર્પોરેશન બનાવવાની દરજ્જાની વાત ચાલે છે અને અમરેલી શહેરના લોકો માંગણી કરે છે ત્યારે આ માંગણી ખૂબ જ ઉચિત છે અને જો સરકાર દ્વારા અમરેલીને મ્યુનિસિપલ કોર્પોરેશન બનાવવામાં આવે. તો અને તો જ અમરેલીનો વિકાસ શક્ય બનશે એવું લાગી રહ્યું છે.હાલમાં અમરેલી શહેર તેમજ જિલ્લાના વાસીઓ દ્વારા બુલંદ અવાજે માંગણી કરેલ શહેરમાં બ્રોડગેજ લાવવા માટે છતાં પણ આજ સુધી આ બ્રોડગેજ લાઈન ઝાંઝવાના જળ સમાન છે ક્યારે આવે એ હજી કાંઈ નક્કી નથી. એટલે આવી અમરેલીની નેતાગીરી છે.તેમ ભાર્ગવભાઈ મહેતાએ જણાવ્યું છે.

## બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી દ્વારા બાજપાઈ નિધિ ચૂકવાઇ

**સભાસદના વારસદારને ૨૫ હજારનો ચેક અપાયો**



બગસરા ,(રૂપેશ રૂપારેલિયા)બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. ની શાખા ચલાલાના સભાસદ શ્રી દિપકભાઈ બટુકભાઈ તિલકપુરિયાનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદાર ને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂપિયા ૨૫૦૦૦/-નો ચેક અર્પણ કરવામાં આવેલ આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી. નિતેશભાઈ ડોડીયા, શાખા એમ.ડી. મહેશભાઈ વ્યાસ, ડીરેકટર નરેન્દ્રપૂરી ગોસાઈ. જ્યોતિકાબેન રાવલ, એડવાઈઝરી બોર્ડ મેમ્બર, હિમ્મતભાઈ દોંગા, ઉમેદભાઈ બસિયા, શાખા સેક્રેટરી ભરતભાઈ ડોડીયા. સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેક ચૂકવવામાં આવેલ

### કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની ઉપસ્થિતિ

## ઉનામાં પૂર્વ ધારાસભ્યશ્રી પુંજાભાઇ વંશે આવેદનપત્ર પાઠવી રજુઆત કરી

**બેફામ રેતી ચોરી છતાં પોલીસ આરોપીઓને છાવરે છે : તોડકાંડમાં આરોપીઓને તાત્કાલીક પકડો**

ઉના,ઉના વિસ્તારમાં આવેલ સર્કિટ હાઉસમાં આજે માજી ધારાસભ્ય પુંજા ભાઈ દ્વારા કારોબારી મિટિંગ મળી જેમાં માજી ધારાસભ્ય પુંજાભાઈ વંશ દ્વારા અનેક પોલીસ આક્ષેપ કર્યા જેમાં ઉનાનું ખૂબ ચર્ચિત તોડકાંડમાં આરોપીઓને પકડો જેનેલ લઈને સર્કિટ હાઉસ ખાતે મીટીંગ મળી જેમાં કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા બહારથી આવેલા કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ પણ હાજર રહ્યા માજી ધારાસભ્ય પુંજાભાઈએ કહ્યું રેતી પણ બેફામ ચાલતી હોય છે રાત્રિ દરમિયાન ટ્રેકટરો બેફામ ચાલે છે મને ફોન પણ આવે છે આખી રાત ટ્રેક્ટર ચાલવાના કારણે સોસાયટીના રહીશો પણ પરેશાન છે ત્યારે તેઓએ બીજી વાત પણ કહી જૂનાગઢના તોડકાંડમાં પીએસઆઈ પકડાઈ જતો હોય તો ઉના તોડકાંડના મુખ્ય આરોપી પી.આઈ અને એએસઆઈ કેમ પકડાતા નથી તો તેમાં ક્યાંક ને ક્યાંક પોલીસ તે આરોપીઓને છાવડતી હોય તેઓ સ્પષ્ટ દેખાય છે તેમજ ઉનાની પરિસ્થિતિ ખૂબ ભયાનક છે બેફામ રીતે બધું ચાલતું હોય છતાં તંત્ર ચૂપ છે આવું કેમ પણ મારા ભાગે જે આવતું હોય તે હું ચોક્કસ કરીશ અને આવા લોકો પર કાર્યવાહી કરવા આજે માજી ધારાસભ્ય પુંજાભાઈ વંશ દ્વારા આવેદનપત્ર પાઠવી ધારદાર રજૂઆત કરી છે

### છેલ્લા ૮ વર્ષ સતત ફરજ બજાવી લોકપ્રિયતા મેળવી

## અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના પુર્વ યુનિટ હેડ શ્રી પટેલ ૨૦ વર્ષ બાદ જુના મિત્રોને મળવા આવ્યા

**શ્રી એસ. એસ. પટેલે કંપનીમાં આવી જુના મિત્રોને મળીને રાજીપો વ્યકત કર્યો**



રાજુલા, જાફરાબાદ રાજુલા ખાતે અલ્ટ્રાટેકના પૂર્વ યુનિટે હેડ એસ એસ પટેલે ૨૦ વર્ષ બાદ જૂના મિત્રોને મળવા આવ્યા તથા તેમની સાથે તેમના ધર્મ પત્ની ઈલા બેન પટેલ જાફરાબાદ ખાતે અલ્ટ્રાટેક કંપનીમાં છેલ્લા આઠેક વર્ષ બજાવી હતી ત્યારબાદ કોવાયા ખાતે અલ્ટ્રાટેક કંપનીમાં ૫ વર્ષ યુનિટ હેડ તરીકે ફરજ બજાવી હતી ત્યારે તેને શ્રેષ્ઠ કામગીરી અને શ્રેષ્ઠ સિમેન્ટ ઉત્પાદનના એવોર્ડ મળ્યા હતા ત્યારબાદ તેઓ અંબુજા સિમેન્ટમાં પણ ફરજ બજાવી ચૂક્યા હતા. ત્યારબાદ તેઓ અમેરિકા સ્થાયી થયા હતા ત્યારે હવે આનંદ ખાતે નિવાસ્થાન કરી રહેતા હતા ત્યારે ઓસીનતા જાફરાબાદ ખાતે તપસીબાપુના મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં આવ્યા હતા અને તેઓ મિત્ર ભાવ પ્રેમી હોવાથી અને લાગણીશીલ હોવાથી તેના જુના મિત્રો રાજુલા ખાતે ડોક્ટર પીપી મુસડીયા તથા પત્રકાર કનુભાઈ વરુ તથા ભાભલુભાઈ વરુ છગનભાઈ કાછડીયા શહેરના આગેવાનોની મુલાકાત લઈ નિવૃત યુનિટ શ્રી એસ એસ પટેલ રાજીપો વ્યક્ત કર્યો હતો અને તેઓ હવે તેઓ હવે આણંદ ખાતે છાપી થયા છે

## બગસરામાં ડુંગળી પછી રીંગણાનો વારો આવ્યો પણ કોઇ ભાવ પૂછતુ નથી



બગસરા, (સમીર વિરાણી દ્વારા)

બગસરા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની બજાર તળિયે આવી જતા ફરી રીંગણા નો પણ વારો આવ્યો છે રીંગણા નો કોઈ ભાવ પૂછતા નથી માર્કેટિંગ યાર્ડમાં પશુઓનો ખોરાક બની ગયો છે તમે જોઈ શકો છો ગાય રીંગણા ખાય છે. શાકભાજીમાં ખાસ કરીને ડુંગળી પછી રીંગણાનો વારો આવ્યો પણ હાલ રીંગણાનો કોઈ ભાવ પુછતું નથી. બીજી તરફ ઉત્પાદન વધુ હોવાથી ભાવો તુટતા ખેડૂતો પણ મુશ્કેલીમાં મુકાયા છે.

## સુરતનો ૧૦૦ ટકા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી કોઈપણ મદદનીશ વગર કોમ્પ્યુટર પર પરીક્ષા આપશે

(જી.એન.એસ),સુરત,

સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત સુરતનો ૧૦૦ ટકા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી કોઈપણ મદદનીશ વગર કોમ્પ્યુટર પર પરીક્ષા આપવા જઈ રહ્યો છે. ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા આપનાર ગુજરાતમાંથી આ એકમાત્ર પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી હશે. જે માર્ચ મહિનામાં યોજાનારી પરીક્ષામાં ઓનલાઈન મોડમાં બેસશે. આનંદ ભાલેરાવ સુરતની અંધજન મંડળ સંચાલિત અંબા બેન મગનલાલ અંધજન સ્કૂલમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરે છે. આનંદ જન્મથી જ બંને આંખોથી જોઈ શક્તો નથી. જ્યારે તે સાતમા ધોરણમાં ભણતો હતો. ત્યારે તેણે મોતિયાનું ઓપરેશન કરાવ્યું હતું, ત્યારબાદ તેણે બંને આંખોની દ્રષ્ટિ સંપૂર્ણપણે ગુમાવી દીધી હતી. પરંતુ આ નબળાઈ આનંદ માટે જીવનભરની નબળાઈ બની શકે છે.

### વૈષ્ણવ સાધુ સમાજ દ્વારા

## ધંધુકામાં સમુહલગ્નોત્સવ યોજાયો

**પાંચ નવ દંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા**



રાણપર, (નરેશ દેશાણી) ધંધુકા બગોદરા હાઈવે પર પીઠડ ધામ ખાતે સંધ્યા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તારીખ ૧૦-૨-૨૦૨૪ ના રોજ સાધુ સમાજની દીકરીઓ ના સમુહલગ્નનોત્સવ તથા રામલલ્લા એવોર્ડ કાયેક્રમનું આયોજન કરવામાં આવ્યો હતું સંધ્યા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સમુહલગ્નનોત્સવ મા પાચ નવદંપતિઓ પ્રભુતામાં પગલા માડશે તેમજ રામલલ્લા એવોર્ડ કાયેક્રમમાં સંતો મહંતો તથા પુવે મંત્રી ઉપરાંત ધારાસભ્ય તથા જીલ્લા તાલૂકા પંચાયતના સભ્ય અને નગરપાલિકાના કોપરેટર તથા પદાધિકારીઓ ઉપરાંત સાધુ સમાજના આગેવાનો તથા કાયેક્રમના દાતાઓ સહિત ઉપસ્થિત રહેનારા નો સંધ્યા ચેરિટેબલ ટ્રસ્ટ ના નિતાબેન ગોંડલીયા અને મનોજભાઈ મેસવાણીયા એ કાયેક્રમ ને સફળ બનાવવા આભાર માન્યો હતો

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### અંજાર ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૬૨ લાભાર્થીઓના આવાસનું ઇ-લોકાર્પણ કરવામાં



ભુજ, અંજાર વિધાનસભા મત વિસ્તારનો પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગતનો કાર્યક્રમ અંજાર ખાતે મારૂતિ ગ્રાઉન્ડમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ૬૨ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓના આવાસનુ ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૩ લાભાર્થીઓ ધ્વારા પોતાના પ્રતિભાવો રજુ કરવામાં આવ્યા હતાં. તેમજ ધારાસભ્યશ્રી ત્રિકમભાઈ છાંગાની ઉપસ્થિતમાં તેમજ અન્ય હાજર પદાધિકારીશ્રીઓના હસ્તે ૫ લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના આવાસની પ્રતિકાત્મક ચાવી વિતરણ કરવામાં આવી હતી.આ પ્રસંગે કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટરશ્રી મિતેશ પંડયા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, નગરપાલિકા પ્રમુખશ્રી, ચેરમેનશ્રી-સરહદ ડેરી, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતના સદસ્યો તથા વિવિધ રાજકીય આગેવાનો/પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### ગીર સોમનાથ જિલ્લામાં આજે ૯૫૯ આવાસોનું ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કાર્યક્રમો યોજાશે

**વેરાવળ, કોડિનાર, પ્રાંચી, અને ઉના એમ ચાર સ્થળોએ કાર્યક્રમોનું આયોજન**

ગીર સોમનાથ, રાજ્યના નાગરિકોને ઘરરૂપી છત્ર મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આજે રાજ્યભરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં બનાસકાંઠાના ડિસા ખાતે યોજાનાર મુખ્ય કાર્યક્રમ સાથે રાજયભરના જિલ્લાઓમાં પણ આવાસોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાવાના છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના ચાર સ્થળોએ આવાસોના ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્ત યોજાશે. ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળમાં સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાની અધ્યક્ષતામાં સવારે ૧૧.૦૦ કલાકે કે.સી.સી ગ્રાઉન્ડ ખાતે આ કાર્યક્રમ યોજાશે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણના ૧૮૦, પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરીના ૭૬, આંબેડકર આવાસ યોજનાના ૭, પંડિત દિન દયાળ આવાસ યોજનાના ૫ એમ કુલ ૨૬૮ આવાસોનું ઈ-લોકાર્પણ કરાશે. જ્યારે પ્રાચીમાં કારડિયા રાજપૂત સમાજની વાડી ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણના ૨૨૦, પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરીના ૭૦, આંબેડકર આવાસ યોજનાના ૬ એમ કુલ ૨૯૬ આવાસોનું લોકાર્પણ થશે. અને માર્કેટિંગ યાર્ડ કોડિનાર ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણના ૧૦૦, પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરીના ૩૪, આંબેડકર આવાસ યોજનાના ૩ એમ કુલ ૧૩૭ આવાસોનું ઈ-લોકાર્પણ કરાશે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### જુનાગઢ મહાપાલીકાના વહીવટ અંગે શ્રી સી. આર. પાટીલને રજુઆત

જુનાગઢ, જુનાગઢ હિત રક્ષક સમીતી એ પ્રદેશ પ્રમુખ શ્રી પાટીલને પત્ર પાઠવી રજુઆત કરી છે કે જુનાગઢ કોર્પારેશનની વહીવટ દિવસે ને દિવસે બગડતો જાયછે આ સંજોગોમાં પ્રજાના પાયાના પ્રશ્નોની રજુઆત માટે અમો મખ્યમંત્રીશ્રી ને મળેલા હતા અને તેને ચીફ સેક્રેટરી અશ્વીની કુમારને મહાનગર પાલીકાના કથળેલા વહીવટ સબંધે તપાસ કરવા જણાવેલ હત અને તેના અનસંધાને જુનાગઢ કલેકટરશ્રીને આ તપાસ સોપાયેલી હતી. તેજ રીતે રેલ્વે ધ્વારા જુનાગઢ શહેરને વિંધીને ૧૧ જેટલા અંડરગળનાળા નાખીને રેલ્વે લાઈન પસાર થાય છે તે બાબતે પણ કોર્પોરેટરને પ્રશ્ન પછેલહતો છતાં કોઈ એ જવાબ આપેલો નથી. કંટાળીને અમોએ જુનાગઢની પ્રજાના પાયાના ૧૦૧ પ્રશ્નો જાહેરમાં પછેલ છે. જેની નકલ આ સાથે આપ સાહેબના ધ્યાન માટે મોકલેલ છે. કોર્પારેશનનો વહિવટ સંપર્ણ પણે ખાડે ગયેલો છે. ભગર્ભ ગટર યોજનાના નામે રોજે રોજ ખોદાણ થાય છે શહેરના મુખ્યરસ્તાઓની હાલત ગ્રામ્ય રસ્તા કરતા પણ વિશેષ ખરાબ થઈ ગયેલ છે શહેરમાં કચરાના ઢગલાઓ ઠેર ઠેર જોવા મળે છે અને કોર્પારેશન ધ્વારા કરોડો રૃપીયાન આંધણ કરવા છતાં કોઈ પ્રગતિ દેખાતી નથી જુનાગઢ માં રોપવે બનતા અને સાસણમાં સિહ ના મહત્વના કારણે જુનાગઢ આંતર રાષ્ટ્રીય મથક બની ગયેલ છે ઉપરકોટમાં પણ ૮૦ કરોડના ખર્ચે રીનોવેશન થયેલ છે દેશ વિદેશ થી સહેલાણીઓ અહી આવે છે પરંતુ જુનાગઢ કોર્પારેશનનુ તંત્ર સાવ ખાડે ગયેલ છે જુનાગઢની મુલાકાતે આવો ત્યારે આ માટે અમારી સમિતીને સમય ફાળવવા વિનંતી છે. જુનાગઢ કોર્પારેશનને હવે પછીની ચટણીમાં આ ગવાઈ ગયેલા કોર્પારેશનના કોઈ પણ ઉમેદવારોને ટીકીટ આપશો નહી. અને સ્વચ્છ પ્રતિભા ધરાવતા ભલે જેને રાજકારણ સાથે નિસ્પદ ન હોય તેવા ઉમદેવારો ને જ ટીકીટ આપશો કોર્પારેશનને ૧૦૧ સવાલો પુછેલા છે તે આ સાથે જોડેલ છે. તેનો અભ્યાસ કરીને જુનાગઢ આવો ત્યારે કોર્પારેશનના અધીકારી અને પદાધીકારીઓને આ બાબતે જણાવવા અને જુનાગઢ આપ પધારો ત્યારે જુનાગઢ હિત રક્ષક સમિતીને ટાઈમ ફાળવવા માંગણી છે. કારણ કે ભારતીય જનતા પાર્ટીના ચટાયેલા સભ્યો આપને સાચી માહીતી આપશે નહી. જેથી જુનાગઢમાં કોર્પારેશને જે બદતર હાલત કરેલી છે અને શહેરને કદરૂપુ કરી મૂકેલ છે તે અમો નજરે બતાવી શકીશ. ફકત જુનાગઢના રસ્તા ઉપર સ્કુટર લઈને એક વખત આપ આટો મારશો તો ખ્યાલ આવી જશે કે કોર્પારેશનના અણઘડ વહીવટનો ખ્યાલ આવી જશે. ગજરાતના જેટલા કોર્પારેશન છે તેમાંથી જુનાગઢન કોર્પારેશન બદતર છે .તેમ જુનાગઢ હિત રક્ષક સમિતીએ જણાવ્યું છે.

## દર વર્ષે હનુમાન જયંતી નિમિતે શ્રધ્ધાળુઓની ભીડ થતી હોય છે તેને કારણે ૧૧ કેવી લાઇનમાં અંડરગ્રાઉન્ડ કેબલ નાખ્યાં

# યાત્રાધામ ભુરખીયામાં પીજીવીસીએલની સુંદર કામગીરી

### ગામમાં અંડરગ્રાઉન્ડ કેબલ નાખવામાં આવતા મંદિરની શોભામાં વધારો થયો

### રસ્તા પર ટ્રાફિકની સમસ્યા ન થાય તે માટે વિજપોલ અને ટ્રાન્સફોર્મર રસ્તા પરથી દુર કરી દેવાયા : વિજપોલને દુરસ્ત કરવાની કામગીરી શરૂ કરાઇ

### નવુ વિજ ટ્રાન્સફોર્મર બદલાવીને લોવોલ્ટેજની સમસ્યા કાયમી દુર કરી





અમરેલી, પવિત્ર યાત્રાધામ ભુરખીયા માં યાત્રાળુ સતત આવતા હોય તેમજ હનુમાન જયંતિ ઉપર શ્ધાળુંની ભીડ થતી હોય છે. આ અનુશાન્ધાને પીલીગ્રીમ્સ રીલીઝીયસ સ્કીમ હેઠળ સલામતી ના ભાગ રૂપે સમગ્ર ભુરખીયા ગામ માં ૧૧ કેવી લાઈન ના ખુલ્લા વીજ વાયરો કાઢીને અન્ડર ગ્રાઉન્ડ કેબલ નાખવા ની કામગીરી કરવામાં આવેલ છે અને મંદિરની સુંદરતા માં વધારો થયેલ છે. તથા રસ્તા ઉપર ટ્રાફિક ની સમસ્યા ના થાય તે માટે રસ્તા ઉપર આવેલ વીજપોલ અને ટ્રાન્સફોર્મર રસ્તા ઉપરથી દુર કરવામાં આવેલ છે. મંદિર ઉપરાંત ગામ માં ઢીલા પડેલા વીજ કેબલો ટાઈટ કરવામાં આવેલ છે રસ્તા વચ્ચે અકસ્માત થઈ શકે તેવા વીજ પોલને દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે. ગામમાં બે જ ટ્રાન્સફોર્મર એક જ જગ્યા હોય તેમાંથી આખા ગામમાં વીજપુરવઠો મળતો હોય ટ્રાન્સફોર્મર ની જગ્યા બદલાવી નવું ટ્રાન્સફોર્મર ઉભું કરીને વર્ષો જુનો લો વોલ્ટેજ ની સમસ્યા દુર કરી આપવામાં આવેલ છે સલામતી ના ભાગ ઉપે લાઠી દામનગર હાઈવે ઉપર થી વાયરો દુર કરવામાં આવલે છે. આ કામગીરી માં અમરેલી પીજીવીસીએલ ના નાયબ ઈજનેર શ્રી કાલાણી સતત સ્થળ ઉપર હાજર રહીને સમગ્ર કામગીરી ને પૂર્ણ કરાવેલ છે. ગામજનો માં ખુશી થયેલ છે. આ તકે ભુરખીયા મંદિર ટ્રસ્ટ દ્વારા અને ગ્રામજનો દ્વારા શ્રી કાલાણીનો આભાર માનવામાં આવેલ છે.

## ગુજરાત સરકાર દ્વારા ૯ ઉપ સચિવોની બદલીના આદેશ કરાયા

(જી.એન.એસ),ગાંધીનગર, લોકસભા ચૂંટણી-૨૦૨૪ને આડે હવે ગણતરીના મહિના બાકી રહ્યા છે ત્યારે ગુજરાતમાં અધિકારીઓની બદલીની મોસમ જામી છે. તાજેતરમાં જ આઈએએસ, પ્રભારી સચિવ, પીઆઈ, પીએસઈની બદલીઓ સાગમટે કરવામાં આવી છે. આ જ શ્રેણીમાં હવે ઉપ સચિવોની પણ બદલીના આદેશ કરાયા છે. કુલ ૯ ઉપ સચિવોની બદલી કરી દેવામાં આવી છે.અધિકારી વર્તુળમાં આ બદલીના આદેશ પાછળ લોકસભા ચૂંટણી ૨૦૨૪ કારણભૂત હોવાની ચર્ચા થઈ રહી છે.

### છેલ્લા પાનાનું. - જેનીબેન ઠુંમર

વિસ્તારની મહિલાઓને કોંગ્રેસમાં વધુને વધુ જોડવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહિલા મોરચાના અધ્યક્ષ જેનીબેન ઠુમ્મર નર્મદા જિલ્લામાં બે દિવસની મુલાકાતે આવ્યા છે. ત્યારે રાજપીપળાના વડિયાં ખાતે આવેલ આતિથી ગૃહના મિટિંગ હોલમાં જિલ્લાની મહિલાઓ સાથે મીટીંગ કરી હતી. મહિલાઓની રાજકિય ભૂમિકા પરિવારની જવાબદારી સમજાવી મહિલા કેવી રીતે આગળ આવે તે બાબતની મહત્વની માહિતી કોંગ્રેસ પ્રદેશ મહિલા અધ્યક્ષ જેનીબેન ઠુમ્મરે આપી હતી. જેમની સાથે મહિલા પ્રદેશ પ્રભારી શોભનાબેન સહીત મોટી સંખ્યામાં મહિલા આગેવાનો હાજર રહ્યા હતા. જૈનીબેને મહિલામાં જોશ ભરીને સંગઠનના કામે લાગી જવા અને ગામે ગામથી મહિલાઓને કોંગ્રેસમાં જોડાવાની હાંકલ કરી હતી. જૈનીબેન ઠુંમરે જણાવ્યું હતું કે સંગઠનની કામગીરી કરી રહ્યા છે. આં માત્ર ચૂંટણી પૂરતું નહિ પણ કોંગ્રેસ પાર્ટી સાથે મહિલાઓ જોડાયેલી રહે પોતે વિવિધ હોદ્દાઓ પર રહી નેતૃત્વનું કામ કરે તે માટે હું ગુજરાતનાં અલગ અલગ જિલ્લાઓની મુલાકાત કરી રહી છું. કેમકે આ સરકાર રાજ્યની ગણો કે કેન્દ્રની પોતાના સાસન માટે પ્રજાને કરેલા વાયદા એક પણ પૂરા કર્યા નથી એ પ્રજાને ગેરમાર્ગે દોરી રહી છે જાતિવાદનું ઝેર ભરે છે. કેમકે રાહુલ ગાંધીએ મોંઘવારી ભ્રષ્ટાચાર બેરોજગારીના અનેક સવાલ કર્યા પરંતુ ભાજપએ કોઈ મુદ્દો ના પકડ્યો અને મોદી ઓબીસી નથીની વાત પકડી રાજનીતિ રમી રહ્યા છે. પણ હવે પ્રજા જાગૃત છે. તેમનો કોઈ પેતરો આં વખતે કામ નહીં લાગે પ્રજા પરિવર્તન નાં મૂડમાં હોવાની વાત કરી હતી.

### છેલ્લા પાનાનું. - ઠંડી વધી

સાથે મિશ્ર ઋતુનો અહેસાસ થાય છે. આજે લઘુતમ તાપમાનનો પારો નીચે ઉતરતા ગીરનાર ઉપર ૧૬.૭ ડિગ્રી, નલીયામાં ૯.૩ ડિગ્રી, અમરેલીમાં ૧૫.૨ આસપાસ તાપમાન રહ્યું હતું. સૌથી વધુ અસર ગીરનાર બાદ નલીયામાં જોવા મળી હતી. ઠંડીના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. સવારે ઠંડી સાથે વાતાવરણમાં ભેજ બાદ ક્યારેક ક્યારેક ધુમ્મસ પણ છવાય જાય છે.


**બંગલા ટાઈપ જુના / નવા મકાન વેચવાના છે.**

- સંકુલ રોડ ઉપર શુભલક્ષ્મીમાં ૧ વસામાં મજબુત બાંધકામવાળુ ફર્નિચર સાથે મોટુ મકાન.
- કે.કે.પાર્કમાં અંદરની બાજુએ 4 BHK સોલાર-સબમર્સીબલ સાથેનું ઉત્તર દ્વાર.
- પ્રમુખ સ્વામી મેઈન રોડ ઉપર 3 BHK ફર્નિચર સાથેનો નવો બંગલો.
- વૃન્દાવનમાં ૨૦×૫૦ ના પ્લોટમાં 4 BHK પૂર્વ ઉત્તર કોર્નર બાજુ જુનું મકાન.
- ગીરધરનગરમાં તદ્દન નવા જ પૂર્વ દ્વારના 3 BHK મકાન અરજન્ટ વેચવાના છે.
- શ્રી રંગ સોસાયટી (ચિતલ રોડ) મજબુત બાંધકામવાળો વિશાળ બંગલો
- સંકુલ રોડ ઉપર ૫૦×૫૦ નો પ્લોટ + ૪ દુકાન કોર્નરની કસમાં ફુકવાની
- લાઠી રોડ ઉપર 1 BHK ફ્લેટ ૯ લાખ તથા 2 BHK એવા ત્રણ ફ્લેટ તાત્કાલીક ફુકી મારવાના છે.
- બંસીધર સ્કૂલની સામે 3 BHK તદ્દન નવું લોનેબલ પશ્ચિમ દ્વારનું મકાન.
- શિવલીલામાં પી.આર.કાર્ડ સાથે 2 BHK તદ્દન નવું મકાન માત્ર ૧૧.૯૯
- અમરેલીમાં પ્લોટ-મકાન કે દુકાન અદલા બદલી કરવાના છે.
- રાજકોટમાં ફ્લેટ
- તારાપુર એન.એચ. ઉપર ૧૫૦ વારનો પ્લોટ
- શેડુભાર - સોનારીયા - સાવર પુતળીયા - દેરડી - ગોખરવાળા ધારી ફાચરીયા - ગીગાસણ કચીવદરમાં ખેતીની જમીન કસમાં વેચવાની છે. (ટાઈટલ કલીયર)
- ચકકરગઢ દેવળીયામાં ૭ વિઘા વાડી વેચવાની છે / એકસચેન્જમાં પ્લોટ-મકાન-દુકાન-ફ્લેટ ચાલશે.

**લાભમ્ પ્રોપર્ટીઝ : Mo. 94289 70954**


## દુઃખદ અવસાન / ઉઠમણું



**સ્વ.હીરાબેન બટુકભાઇ મસરાણી (ઉ.વ.૭૦)**
**સ્વ.તા.૧૦-૨-૨૦૨૪ શનિવાર**

સ્વ.હીરાબેન બટુકભાઈ મસરાણી (ઉ.વ.૭૦) નું તા.૧૦-૨-૨૦૨૪, મહા સુદ-૧ ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમાત્મા સદગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**સદગતનું ઉઠમણું**

તારીખ : ૧૨-૨-૨૦૨૪ ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે રાખેલ છે.
સ્થળ : લોહાણા મહાજન વાડી મુ.વિજપડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી
પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

લી.

બટુકભાઇ ભીમજીભાઇ મસરાણી
વૃજલાલભાઇ ભીમજીભાઇ મસરાણી
હરેશભાઇ વૃજલાલભાઇ મસરાણી
રજનીભાઇ વૃજલાલભાઇ મસરાણી
મસરાણી પરિવારના જયશ્રી કૃષ્ણ, મુ.વિજપડી

## વડોગરાથી અયોધ્યા જતાં ભક્તને ટ્રેનમાં જ હાર્ટએટેક આવ્યો

### પ્રકૃતિ એજ્યુકેશનલ એન્ડ વેલફેર ટ્રસ્ટ દ્વારા સંચાલિત



## શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર

ગુરૂકૃપાનગર-૨, શેરી નં. ૧,બ્લોક નં. ૧૦૦-એ, ચિતલ રોડ, અમરેલી
જરૂરિયાતમંદ વ્યક્તિઓને બંને ટાઇમનું ભોજન ઘરે પહોંચાડતી અમરેલીની સેવાકીય સંસ્થા

**કિસીકી મુસ્કુરાહટો પે હો નિશાર કિસીકા દર્દ મીલ સકે તો લે ઉઠા કિસીકે વાસ્તે તેરે દિલ મેં હો પ્યાર જીના ઉસીકા નામ**

વૃધ્ધાવસ્થા એક એવી અવસ્થા છે જેમાં સંવેદનાનો સાથ જોઇએ વડીલોને બે ટકનો પેટનો ખાડો પુરાય એટલે તેમના ચહેરાની રેખાઓ બદલી જાય આવા વૃધ્ધ, અશક્ત, એકલા રહેતા હોય, હાથે કરી શકતા ન હોય તેવા વડીલોને બપોરે ૧૨૦ અને સાંજે ૧૦૦ જેટલા વડીલોને ટીફીન દ્વારા ભોજન પહોંચાડાય છે.

**શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર અમરેલી તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૦૧-૨૦૨૪ સુધી ના દાતાની યાદી**

| રકમ | દાતાશ્રીનું નામ | રકમ | દાતાશ્રીનું નામ |
|---|---|---|---|
| ૨૧૫૦ | જીલ પટેલના જન્મદિવસ નિમિતે | ૫૦૦ | સ્વ.ભદ્રાબેન રસિકલાલ ચચ્ચા સાહીબા સાડી (માસિક હુંડી) |
| ૧૦૦૦ | પ્રકાશભાઇ પાઠક | ૧૦૦૦ | નટુભાઇ જી.ઠક્કર તાતણીયાવાળા (માસિક હુંડી) |
| ૧૦૦૦ | સ્વ.ઇન્દુબેન જેન્તીલાલ મહેતાની જન્મતિથી નિમિતે હ.ભગીરથભાઇ મહેતા કે.કે.મિશ્રા | ૫૦૦ | ગુણવંતરાય ડી. પંડયા (માસિક હુંડી) |
| ૧૦૦૦ | સ્વ.ઇન્દુબેન જેન્તીલાલ મહેતાની જન્મતિથી નિમિતે હ.જયશ્રીબેન મહેતા કે.કે.મિશ્રા | ૫૦૦ | મુક્તાબેન બચુભાઇ રૂપારેલીયા (માસિક હુંડી) |
| ૫૦૧ | સરોજબેન દયારામભાઇ અગ્રાવત | ૧૦૦૦ | મુકુંદરાય ગુણવંતરાય મહેતા (માસિક હુંડી) |
| ૨૦૦૦ | પુનિતભાઇ ગણપતરામ મહેતા | ૧૦૦૦ | વર્ષાબેન મુકુંદરાય મહેતા (માસિક હુંડી) |
| ૫૦૦ | તરૂણભાઇ પંડયા | ૧૦૦૦ | સંજયભાઇ મુકુંદરાય મહેતા (માસિક હુંડી) |
| ૧૧૧૧ | સ્વ.હરેશભાઇ શિવશંકરભાઇ જોષી હ.કિશનભાઇ જોષી | ૧૦૦૦ | ભાવનાબેન સંજયભાઇ મહેતા (માસિક હુંડી) |
| ૫૧૦૦ | હેતલબેન શાહ તથા નિશાબેન પરીખ | ૧૦૦૦ | સાગરભાઇ સંજયભાઇ મહેતા (માસિક હુંડી) |
| ૫૦૧ | સંજયભાઇ નરોતમભાઇ કંઢીયા | ૧૫૦૦ | ગો.વા. હર્ષદરાય જેઠાલાલ દેસાઇ (માસિક હુંડી) |
| ૫૧૦૦ | કાજલબેન રાજુભાઇ મહેતા | ૫૦૧ | બાઇબા જેઠુભા ચૌહાણ (માસિક હુંડી) |
| ૮૧૧ | કે.પી.ટ્રેડર્સ પ્રવિણભાઇ પારેખ (માસિક હુંડી) | ૫૦૦ | ગો.વા. અશ્વિનભાઇ બી.પારેખ (માસિક હુંડી) |
| ૧૦૦૦ | રમેશભાઇ બી.ચૌહાણ | ૫૦૦ | અનિતાબેન એલ. મનસુખાણી (માસિક હુંડી) |
| ૫૦૦ | રામ ભરોસે | ૫૦૦ | ગો.વા. જસવંતરાય જગન્નાથભાઇ જાની (માસિક હુંડી) |
| ૧૦૦૧ | રમેશચંદ્ર વનમાળીદાસ વસાણી | ૨૦૦૦ | સ્વ. કનુભાઇ બી.ભટ્ટ (માસિક હુંડી) |
| ૧૦૦૧ | સહજ સ્કુલ પીન્ટુભાઇ ગોરખીયા | ૫૦૦ | હીરાબા નલિનકાંત મહેતા (માસિક હુંડી) |
| ૩૦૦૦ | હરેશભાઇ ડી.પંડયા (માસિક હુંડી) | ૩૦૦ | રાધાબેન રવજીભાઇ રાઠોડ (માસિક હુંડી) |
| ૧૦૦૦ | સ્વ.સુરેશભાઇ એમ.પંડયાના સ્મરણાર્થે વડીલ વંદના ભોજન સેવા હ.મિહીરભાઇ એમ. પંડયા | ૧૦૦૦ | ચોકસી બ્રધર્સ આભુષણ જવેલર્સ (માસિક હુંડી) |
| ૨૦૦૧ | હર્ષાબેન દિપકભાઇ મહેતા હ.અમિતભાઇ | ૩૦૦ | દુર્ગાશંકર ગીરજાશંકર મહેતા (માસિક હુંડી) |
| ૧૫૦૧ | નટવરલાલ ગીરજાશંકર ઠાકર | ૫૦૦ | કિરીટભાઇ મુળદાસજી દુધરેજીયા (માસિક હુંડી) |
| ૫૦૧ | શાંતાબેન કેશવરાવ પવાર | ૨૦૦ | નવીનભાઇ પ્રતાપભાઇ જોષી (માસિક હુંડી) |
| ૫૦૦૦ | અશ્વિનભાઇ પંડયા પાર્થ એજન્સી | ૫૦૦ | ગો.વા. બાબુભાઇ હીરજીભાઇ રાજા (માસિક હુંડી) |
| ૭૦૦૦ | પોપટભાઇ કાનજીભાઇ રોકડ | ૫૦૦ | ગો.વા. કુંદનબેન બાબુભાઇ રાજા (માસિક હુંડી) |
| ૧૨૦૦૦ | સ્વ..હરિભાઇ ભીખાભાઇ માંડલીયા હ.હંસાબેન વલ્લભભાઇ શિકોતરા | ૧૦૦૦ | ભવનેશભાઇ પરીખ સરજુ જવેલર્સ (માસિક હુંડી) |
| ૫૦૦ | વિશાલભાઇ ધર્મેન્દ્રભાઇ દવે | ૧૦૦૦ | માધવ ઘનશ્યામભાઇ પરીખ સરજુ જવેલર્સ (માસિક હુંડી) |
| ૫૦૦ | એમ.ડી.અધ્યારૂ | ૧૦૦૦ | ધર્મેશકુમાર ગુણવંતરાય ગઢીયા (માસિક હુંડી) |
| ૨૧૦૦ | સ્વ.નિર્મળાબેન વિજયભાઇ જોબનપુત્રા હ.વિજયભાઇ જોબનપુત્રા | ૧૦૦૦ | સ્વ.ફુલચંદભાઇ ડાયાભાઇ પાંચશેરીયા (માસિક હુંડી) |
| ૫૧૦૦ | ગુરૂવર્યશ્રી શંકરલાલ જે.દવે | ૧૦૦૦ | રતિગીરી ઇશ્વરગીરી ગોસાઇ (માસિક હુંડી) |
| ૫૦૦ | કિશોરભાઇ જેઠવા (માસિક હુંડી) | ૨૫૧ | સ્વ.ચંપાબેન રતિભાઇ ગેડીયા |
| ૨૦૦૦ | શશીકાંતભાઇ મલકાણ (માસિક હુંડી) | ૨૫૧ | વકીલ મમતાબેન ત્રિવેદી (માસિક હુંડી) |
| ૭૫૦ | પ્રવિણભાઇ ગલોલીયા (માસિક હુંડી) | ૨૦૦ | ડી.જી.પી. જયેન્દ્રભાઇ રાજયગુરૂ (માસિક હુંડી) |
| ૨૫૦૦ | મૌલીકભાઇ પુનિતભાઇ દુધાત | ૧૦૦૦ | વકીલ શ્રી જે.એમ.સોજીત્રા (માસિક હુંડી) |
| ૧૦૦૧ | ટીકુભાઇ વરૂ (માસિક હુંડી) | ૫૦૦ | વકીલ શ્રી હરેશભાઇ સેજુ (માસિક હુંડી) |
| ૧૦૦૦ | ભીખુભાઇ અગ્રાવત (માસિક હુંડી) | | |

વસ્તુ સ્વરૂપે ભેટ : ટાંક વલ્લભભાઇ ભીખાભાઇ તરફથી ચોખા ૩૦ કીલો ભાતના જીરાસર, અક્ષર ટ્રેડર્સ નિમક કટો ૧, જલારામ ફરસાણ તરફથી ૧.૫ કિલો સેવની સેવા ભગવતી ફરસાણ તરફથી ૧.૫ કિલો સેવની સેવા, પુના ભગત ફરસાણ તરફથી ૧ કિલો સેવની સેવા, સરોજબેન ડી.અગ્રાવત તરફથી ચપ્પલની સેવા પેટે રૂા.૨૫૦૦ ની સેવા

અમો આભારી છીએ : પરમાર કન્સલ્ટીંગના શ્રી દિપેનભાઇ તરફથી સાંજે દરેક વડીલોને શુધ્ધ ગાયનું દુધ ૨૦૦ મીલી આપવામાં આવે છે તે બદલ દરેક વડીલોને સાંજે દવા લેવામાં જરૂરીયાત ઉભી થતી હોવાથી તેમનો અવાજ ઇશ્વરે સાંભળીને શ્રી દિપેનભાઇને નિમિત બનાવી દરરોજ સાંજે વડીલોને દુધ આપવામાં આવે છે.

**ટીફીન ડિલીવરી માટે ડિલીવરી બોયની જરૂર છે : ઇ-રીક્ષા ચલાવતા આવડતી હોવી જોઇએ.**

**વડીલ વંદનામાં આપે આપેલુ આ સંસ્થામાં દાન કલમ ૮૦ જી મુજબ કરમુક્ત છે.**

| | | | |
|---|---|---|---|
| શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર ગુરૂકૃપાનગર, શેરી નં.-૧ મો.૯૪૦૮૮ ૪૭૪૩૪ | શ્રી ખોડીયાર મોબાઇલ રાજકમલ ચોક મો.૯૯૧૩૯ ૯૯૯૧૯ | ભાટીયા પરમાણંદ ચાંપશી હસુભાઇ સંપટ જૈન દેરાસર પાસે જુની બજાર, પાણી દરવાજા રોડ ૦૨૭૯૨ - ૨૨૩૧૫૮ | ડી.જી.મહેતા મો.૯૪૨૭૨ ૫૨૯૧૧ અમરેલી |


... સોનેરી સંબંધો માટે સુવર્ણ ભેટ ...
999 24K Gold Leaf




₹850 થી શરૂ થતી વિશાળ રેંજ
MGA મધુવન ગોલ્ડ આર્ટ
Since : 2000
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art | madhuvangold.in

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL



Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી

VHC પર્સનલ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ VHC

| યોજના | મુદલ | મુદત | મળવાપાત્ર |
|---|---|---|---|
| (૧) સુપર મેગા ઓફર | ૧૦૦૦૦૦ | ૧૪ માસ | ૨૦૦૦૦૦ |
| (૨) વન ટાઇમ ડિપોઝીટ | ૧૦૦૦૦૦ | ૩ વર્ષ | ૪૦૦૦૦૦ |
| (૩) મંથલી SIP | ૬૦૦૦૦ | ૫ વર્ષ | ૧૨૦૦૦૦ |
| (૪) ડેઇલી રીકરીંગ | ૩૬૫૦૦ | ૩૬૫ દિવસ | ૫૦૦૦૦ |

''વિશ્વાસ, પ્રોફીટ તમારા સફળતા અમારી''
વધુ માહિતી માટે સંપર્ક કરો
પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
એડ્રેસ :- મીરા આર્કેડ, પહેલા માળે, SBI બેંક સામે, લાઇબ્રેરી રોડ,અમરેલી
વિપુલ એચ.ચાવડા (એકાઉન્ટન્ટ) : મો.૯૮૭૯૮ ૮૪૯૭૯
પાર્થ વી.ચાવડા : મો.૯૩૨૮૪ ૭૯૦૭૮
સંપર્ક સમય : સાંજના ૪:૩૦ થી ૭:૩૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
- કોઈપણ ઉમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય




અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

**બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ**
*શરતોને આધિન
પ્રસ્તુત છે નવુ આયસર
188 (મીની) ટ્રેક્ટર
ગર્વમેન્ટ સબસીડી માન્ય
નાનુ મોટુ બધુ કામ થયુ આસાન
- ઓઇલ બ્રેક
- મલ્ટિ સ્પીડ પી.ટી.ઓ.
- સાઇડ ગેર
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો. ૯૯૦૪૩૨૨૬૬૧/૬૩/૬૫

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ
પાના નં. ૮ તા.૧૧-૨-૨૦૨૪ રવિવાર

**ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર**
સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુ:ખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભગંદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.
+ કૈલાશ કલીનીક +
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.) મો. ૯૪૨૭૪ ૨૧૯૨૨
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.) મો. ૯૪૨૮૪ ૬૯૮૪૬
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૦૫

## ગ્રામીણ સંસ્કૃતિને ધબકતી રાખવા અને તેનાથી નવી પેઢીને માહિતગાર કરવા કેન્દ્રીય કેબીનેટ મંત્રી શ્રી રૂપાલાના પ્રયાસના ભાગરૂપે

# અમરેલીમાં કાલે સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા યોજાશે

**રાસ, ગરબા, સમૂહગીત, પ્રભાતિયા, સુગમસંગીત, લગ્નગીત, લોકગીત, ભજન, કથ્થક, ધોળ, હાલરડાં, શરણાઈ, રામસાગર, વાંસળી, હાર્મોનિયમ, મંજીરા, બેન્જો, ઢોલ, દુહા-છંદ-ચોપાઈ, લોકવાર્તાની સ્પર્ધા**

**તાલુકાકક્ષાએ સ્પર્ધા યોજાયા બાદ અમરેલીમાં કાલે જિલ્લાકક્ષાએ સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં ૨૧ કૃતિઓ રજુ કરાશે : શ્રી વિક્રમસિંહ પરમાર, શ્રી અશ્વિન સાવલીયા, ડો.કેતન કાનપરીયાએ આખરી ઓપ આપ્યો**

અમરેલી, રાજ્યસભાના સાંસદ અને કેન્દ્રીયકેબીનેટમંત્રીશ્રીપરશોત્તમભાઈ રૂપાલા અને જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી અમરેલી દ્વારા શ્રી કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય, સિવિલ હોસ્પિટલની સામે, અમરેલી ખાતે કાલે તા.૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારે ૯:૩૦ વાગ્યેથી ક્રમશ: રાસ, ગરબા, સમૂહગીત, પ્રભાતિયા, સુગમસંગીત, લગ્નગીત, લોકગીત, ભજન, કથ્થક, ધોળ, હાલરડાં, શરણાઈ, રામસાગર, વાંસળી, તબલા, હાર્મોનિયમ, મંજીરા, બેન્જો, ઢોલ, દુહા-છંદ-ચોપાઈ, લોકવાર્તાની સ્પર્ધા યોજાશે. તાલુકાકક્ષા સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં પ્રથમ વિજેતા સ્પર્ધક કલાકારને ઉપસ્થિત રહેશે. અગાઉ તાલુકા કક્ષાએ સ્પર્ધા યોજાયા બાદ અમરેલી જિલ્લાકક્ષા સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં કુલ ૨૧ કૃતિનું આયોજન કરવામાંઆવશે. જાણવામળતીમાહીતી અનુસાર આ સમગ્ર કાર્યક્રમ માટે મદદ ટ્રસ્ટના શ્રી અશ્વિન સાવલીયા, જિલ્લા યુવા વિકાસ અધિકાર શ્રી વિક્રમસિંહ પરમાર, સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા અમરેલીના પરામર્શક ડો. કેતન કાનપરીયા દ્વારા સમગ્ર કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

## મુદ્દો બનાવવો જ હોય તો વિકાસનો બનાવો નહી કે જાતિનો : શ્રી જેનીબેન ઠુંમર

# કેન્દ્ર-રાજ્ય સરકાર પ્રજાને ગેરમાર્ગે દોરે છે : શ્રી જેનીબેન ઠુંમર

**ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના અધ્યક્ષ શ્રી જેનીબેન ઠુંમર નર્મદા જિલ્લાની મુલાકાતે : મહિલાઓ સાથે બેઠકો યોજી**

અમરેલી,(ડેસ્કરિપોર્ટર) પ્રદેશ કોંગ્રેસ મહિલા મોરચાના અધ્યક્ષ જેની ઠુમ્મરે ભાજપ પર ચાબખા મારતા કહ્યું મુદ્દો બનાવવો જ હોય તો વિકાસનો બનાવો નહી કે જાતિનો. ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારની મહિલાઓને કોંગ્રેસમાં વધુને વધુ જોડવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહિલા મોરચાના અધ્યક્ષ જેનીબેન ઠુમ્મર નર્મદા જિલ્લામાં બે દિવસની મુલાકાતે આવ્યા હોય ત્યાં તેમણે ઉપરોક્ત વિધાન કર્યું હતુ.

ગુજરાતમાં કોંગ્રેસનાં સંગઠનને મજબૂત કરવા અને ખાસ કરીને જે ગ્રામ્ય અને આદિવાસી

(અનુ.પાના નં.૭)



## હવે શિયાળાની ઋતુ પુરી થવા આવી છે ત્યારે

# અમરેલી સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં ઠંડી વધી

**મિશ્ર વાતાવરણનો અહેસાસ : સુરજ ઉગ્યા બાદ ઉનાળા જેવું સર્જાતુ વાતાવરણ**

અમરેલી, અમરેલી સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં ઠંડી વધ્યાનો માહોલ જોવા મળે છે. સુર્ય નારાયણના દર્શન બાદ ધીમે ધીમે ઉકાળટ

(અનુ.પાના નં.૭)

**NATIONAL INSTITUTE OF OPEN SCHOOLING (N.I.O.S.)**
ધો.૧૦ / ધો.૧૨
સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ
એડમીશન માટે સંપર્ક : ૯૪૨૭૨ ૪૯૨૫૬
શ્રી તુન્ની વિદ્યા મંદિર
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી - ૩૬૫૬૦૧

**Swara** Skin/Hair/Laser Clinic
Dr. Chirag Vamja
M.D. (Skin & VD)
ઉપલબ્ધ સુવિધાઓ
- હેર ટ્રાન્સપ્લાન્ટ
- લેસર હેર રીમુવલ
- એન્સ ટ્રીટમેન્ટ
- વીટીલીગો ટ્રીટમેન્ટ
- વોર્ટસ એન્ડ સ્કીન ટેગ રીમુવલ
- હેરફોલ ટ્રીટમેન્ટ
- કેમીકલ પીલ
- હાઇડ્રા ફેસીઅલ
- પીઆરપી ટ્રીટમેન્ટ
સ્વરા સ્કીન/હેર/લેસર કલીનીક
C/o કલરવ હોસ્પિટલ, કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, ઇનકમટેક્ષ ઓફીસ પાસે, અમરેલી - ૩૬૫૬૦૧.
મો. ૯૨૬૫૧ ૦૭૬૯૮

**નારી** વુમન & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડો. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) Endoscopy (FRANCE)
અમરેલી જીલ્લામાં દુરબીનની થતા ગાયનેક ઓપરેશનોના પહેલાં નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ / જોખમી સિઝેરીયન ડીલીવરી - પેઇનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D / 4D કલર ડોપ્લર / ખોડખાપણની સોનોગ્રાફી - ટાંકાવાળું, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયનાં ઓપરેશન - વંધ્યત્વની વૈજ્ઞાનીક આધુનિક સારવાર / IUI - ૨૪ કલાક કાર્યરત લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સ સુવિધા
ડો. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ :- રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU - આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણ વાળા બાળકોની સર્વાંગી તપાસ અને સારવાર - જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ / સારવાર.
સરનામું :- માણેકપરા, જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
ઓપીડી સમય :- સોમ થી શનિ સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮

**ડો. દેવકી એ. મોગા**
M.B.B.S., D.V.D.
ચામડીના રોગોના ખ્યાતી પ્રાપ્ત નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ
ચામડી, નખ, વાળના તમામ રોગો અને ગુપ્ત રોગોની સારવાર, સૌંદર્યલક્ષી સારવાર, હાઇડ્રા ફેશિયલ, કોસ્મેટીક સારવાર અને અણગમતા વાળને લેસરથી દુર કરવાની સારવાર
સમભાવ સ્કીન, લેસર & કોસ્મેટીક કિલનીક
શ્રીજી હોસ્પિટલ, ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી. મો. નં. ૭૫૬૭૨ ૭૬૩૬૯
સોમ થી શનિ - સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮ મળશે.

**NCT CANDOR** IVF CENTER (ટેસ્ટટ્યુબ સેન્ટર)
હવે...તમારા ઘરે પણ ગુંજશે ખુશીઓની કિલકારી...
એકમાત્ર અમરેલી જીલ્લાનુ IVF CENTER (ટેસ્ટ ટ્યૂબ બેબી સેન્ટર)
ડો. ચેતના મુરારકર M.B.B.S., DGO (Laparoscopic Surgeon & IVF Specialist)
ડો. જયદેવ ધામેલીયા MBDGO IVF Specialist (14 years Experience)
કોણ લાભ લઈ શકે ?
મહિલા: બંધ ટ્યૂબ. વારંવાર IUI માં નિષ્ફળતા. અનિયમિત માસિક. ગર્ભાશયમાં ગાંઠ હોવી (PCOD).
પુરુષ: ઓછા શુક્રાણુ. શુક્રાણુઓની ઓછી ગતિશીલતા અને ખરાબ ગુણવતા.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
99253 94276 | 99789 66629

LG
5 વધારાના ફાયદા સાથે સૌથી સસ્તાની ગેરંટી*
મફત વિમો ૧ વર્ષ માટે
Cash Back 22.5%
Combo Offers
તાત્કાલિક Delivery
Refer Offer
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77
*Conditions apply

## દુ:ખદ અવસાન / બેસણું



**સ્વ. સાકરબેન નારણભાઇ ડોબરીયા**
સ્વ. તા.૧૦-૨-૨૦૨૪, શનિવાર

દિલગીરી સાથ જણાવવાનું કે અમારા પરિવારના હદયસ્થ શ્રી સ્વ. સાકરબેન નારણભાઇ ડોબરીયાનું વિ.સં.૨૦૮૦ મહા સુદ-૧ ને શનિવાર તા.૧૦-૨-૨૦૨૪ ના રોજ દેહાવસાન થયુ છે. ઇશ્વર ઇચ્છા બળવાન છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી અમારી પ્રાર્થના.

**અમરેલી મુકામે બેસણું**
તારીખ : ૧૨-૨-૨૦૨૪ ને સોમવારે.. સમય : સવારે ૯:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી
સ્થળ : શશાંક મહાજન પાર્ટી પ્લોટ, ગોપી સિનેમા પાસે, અમરેલી

**નાના લીલીયા મુકામે બેસણું**
તારીખ : ૧૨-૨-૨૦૨૪ ને સોમવારે..સમય : સાંજના ૭:૩૦ થી ૧૦:૦૦ સુધી

**સુરત મુકામે બેસણું**
તારીખ : ૧૩-૨-૨૦૨૪ ને મંગળવારે..સમય : સાંજના ૮:૦૦ થી ૧૦:૦૦ સુધી
સ્થળ : શાલીગ્રામ સ્ટેટસ, ઉત્રાણ પાવર હાઉસ સામે, VIP સર્કલ પાસે, મોટા વરાછા

**શોકાતુર**
સ્વ.લક્ષ્મણભાઇ હરિભાઇ ડોબરીયા
નારણભાઇ હરિભાઇ ડોબરીયા
મો.૯૪૨૬૨ ૨૩૯૭૭
મનજીભાઇ હરિભાઇ ડોબરીયા
હિંમતભાઇ લક્ષ્મણભાઇ ડોબરીયા
અરવિંદભાઇ લક્ષ્મણભાઇ ડોબરીયા
જયસુખભાઇ નારણભાઇ ડોબરીયા
મો.૯૪૨૬૪ ૮૪૩૭૨
મનિષભાઇ નારણભાઇ ડોબરીયા
મો.૯૮૨૪૧ ૭૭૬૫૫
વિનુભાઇ મનજીભાઇ ડોબરીયા
દિનેશભાઇ મનજીભાઇ ડોબરીયા
હર્ષદભાઇ મનજીભાઇ ડોબરીયા
ડોબરીયા પરિવારના જયશ્રી કૃષ્ણ (નાના લીલીયા)

**મારૂતિ કિલનિક**
ડો. આકાશ આર. જાવિયા B.H.M.S.(C.C.H.)
ડો. હિના એ. જાવિયા B.A.M.S.,M.E.T.C.
રાજકોટની ખ્યાતનામ હોસ્પિટલમાં ૬ વર્ષથી વધુ કામ કરવાના અનુભવી - નિષ્ણાંત તબીબ
દરેક પ્રકારના તાવ મેલેરિયા, ડેન્ગ્યુ, ટાઇફોડ, વાયરસનો તાવ, કમળો જેવા રોગોની તપાસ તથા સારવાર
ચિકનગુનિયાની તપાસ તથા સારવાર
તાવમાં સાંધા જકડાવવાની તપાસ તથા સારવાર, તાવ આવ્યા પછી શરીરમાં રહી જતા સાંધાનાં દુ:ખાવા જેવા કે હાથ અને પગના કાંડાના દુ:ખાવા, ખભાના દુ:ખાવા તથા કમરના દુ:ખાવાની સારવાર
E.C.G. (કાર્ડિયોગ્રામ) ની સુવિધા ઉપલબ્ધ / ડાયાબીટીસ / બી.પી. / કોલેસ્ટ્રોલ
સમય : સવારે ૯:૩૦ થી ૧:૩૦, સાંજે ૪:૦૦ થી ૭:૦૦
દુ.નં.૧૦, લાઇફ લાઇન કોર્નર, માણેકપરા, મેઇન રોડ, નારી હોસ્પિટલની સામે, અમરેલી
મો. ૯૬૬૨૬ ૩૫૧૨૪

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા કુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
નહી ઇન્જેકશન, નહી કોઇ દુ:ખાવો, નહિ પાટો કે નહિં પટ્ટી ખુલ્લી આંખે આવો અને ખુલ્લી આંખે જાઓ.
ઓપરેશન બાદ તુરંત જ દેખાવાનું શરૂ
૫ દિવસમાં રોજીંદુ કામકાજ કરી શકાય
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આશિર્વાદ રૂપ
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
ડો. અભિષેક ઠાકર
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી ફોન: (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

તમારા બાળકોના ઉચ્ચ અભ્યાસ
તમારા સપનાના ઘર/કાર
તમારા પેન્શન પ્લાનિંગ
તમારા બાળકોના લગ્નના ખર્ચા
માટે SIP કરો...!
રોકાણ કરવા માટે બેસ્ટ સોલ્યુશન
કલેરિટી ફિનવેસ્ટ
મ્યુચ્યુઅલ ફંડ સાથે બનીએ નાણાકીય રીતે સ્વતંત્ર
Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.
WHAT WE OFFER !
SIP
MUTUAL FUND
INSURANCE
FIXED DEPOSIT
36 વર્ષના બહોળા અનુભવી
SINCE 1987
CLARITY FINVEST
Right Ideas For Your Money
: હેડ ઓફિસ :
F7 - પહેલોમાળ, મેગા મોલ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
94090 77355
OTHER BRANCH: RAJKOT